સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 34

[AUGUST - 2020]
[16/08/20 to 22/08/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- ICCની ત્રણ ટ્રોફી જીતનાર ભારતના એકમાત્ર સુકાની અને ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા
- ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું નિધન
- મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકની નિમણૂક
- ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ARIIA 2020 રેન્કિંગ જાહેર
- સ્વચ્છ સર્વેક્ષણ 2020માં ભારતના પ્રથમ 10 શહેરોમાં ગુજરાતના 4 શહેરોનો સમાવેશ
- ભારતમાં એક જ Common Eligibility Testના આયોજન માટે 'National Recruitment Agency'ની રચનાને મંજૂરી


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**16 AUGUST, 2020 SUNDAY**

## ➤ ICCની ત્રણ ટ્રોફી જીતનાર ભારતના એકમાત્ર સુકાની અને ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા

15 ઓગસ્ટ 2020ના રોજ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી મહેન્દ્રસિંહ ધોની**એ **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ**માંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.

- શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ આ અગાઉ **30 ડિસેમ્બર 2014**ના રોજ આંતરરાષ્ટ્રીય **ટેસ્ટ ક્રિકેટ**માંથી નિવૃત્તિ લઈ લીધી હતી.
- અને હવે તેમણે **આંતરરાષ્ટ્રીય વન ડે અને ટી-20** ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.
- આ સાથે જ શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ **ક્રિકેટના ત્રણેય ફોર્મેટ**માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.

### શ્રી મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ

શ્રી મહેન્દ્રસિંહ ધોનીની **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દી**નો પ્રારંભ **23 ડિસેમ્બર 2004**ના રોજ **બાંગ્લાદેશ** સામેની **વન ડે મેચ**થી થયો હતો.

- તેમની **આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કારકિર્દી**નો પ્રારંભ 2 ડિસેમ્બર 2005ના રોજ **શ્રીલંકા** સામેની એક **ટેસ્ટ મેચ**થી થયો હતો.
- જ્યારે તેમની **આંતરરાષ્ટ્રીય ટી-20 કારકિર્દી**નો પ્રારંભ 1 ડિસેમ્બર 2006ના રોજ **સાઉથ આફ્રિકા** સામેની એક **ટી-20 મેચ**થી થયો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS



| શ્રી મહેન્દ્રસિંહ ધોનીની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ | | | |
|---|---|---|---|
| ક્રમ | વિશેષતા | તારીખ | કયા દેશ સામે ? |
| 1 | પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ | 23 ડિસેમ્બર 2004 | બાંગ્લાદેશ |
| 2 | પ્રથમ વન ડે મેચ | 23 ડિસેમ્બર 2004 | બાંગ્લાદેશ |
| 3 | પ્રથમ ટેસ્ટ મેચ | 2 ડિસેમ્બર 2005 | શ્રીલંકા |
| 4 | પ્રથમ ટી-20 મેચ | 1 ડિસેમ્બર 2006 | સાઉથ આફ્રિકા |

## ભારતીય ટીમના કેપ્ટન તરીકે શ્રી મહેન્દ્રસિંહ ધોની

શ્રી મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ક્રિકેટ ટીમે મહત્ત્વની નીચેની આંતરરાષ્ટ્રીય ટ્રોફી જીતી હતી :

(1) **પ્રથમ ICC ટી-20 વર્લ્ડ કપ 2007**

(2) **એશિયા કપ 2010**

(3) **ICC વન ડે વર્લ્ડ કપ 2011**

(4) **ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2013**

(5) **એશિયા કપ 2016**

જેમાં **ICC ટી-20 વર્લ્ડ કપ, ICC વન ડે વર્લ્ડ કપ** અને **ICC ચેમ્પિયન્સ ટ્રોફી** એમ **ICCની એક સાથે ત્રણ ટ્રોફી જીતનાર શ્રી મહેન્દ્રસિંહ ધોની** ભારતના **એકમાત્ર સુકાની** છે.

- આ ઉપરાંત શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ ભારતીય ટીમના કેપ્ટન તરીકે અનેક રેકોર્ડ નોંધાવ્યા છે.

## બેટ્સમેન તરીકે શ્રી મહેન્દ્રસિંહ ધોની

શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ 350 વન ડે મેચોમાં 50.53ની એવરેજથી 10,773 રન બનાવ્યા છે.

- જ્યારે ટેસ્ટ ક્રિકેટમાં 90 મેચમાં 4876 અને ટી-20 ક્રિકેટમાં 98 મેચમાં 1617 રન બનાવ્યા છે.
- શ્રી મહેન્દ્રસિંહ ધોનીનો ટેસ્ટ ક્રિકેટમાં હાઈએસ્ટ સ્કોર 224 અને વન ડે ક્રિકેટમાં હાઈએસ્ટ સ્કોર 183 છે.

## એવોર્ડ

શ્રી મહેન્દ્રસિંહ ધોનીને એનાયત થયેલા કેટલાક મહત્ત્વના એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :

(1) **રાજીવ ગાંધી ખેલ રત્ન 2007-08**

(2) **પદ્મ શ્રી 2009**

(3) **પદ્મ ભૂષણ 2018**

(4) **ICC વન ડે પ્લેયર ઓફ ધ યર : 2008 અને 2009**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ બોલર તરીકે વન ડેમાં વેસ્ટ ઈન્ડિઝના શ્રી ટ્રેવિસ ડાઉલિનના સ્વરૂપે 1 વિકેટ પણ ઝડપી હતી.

(2) શ્રી મહેન્દ્રસિંહ ધોનીનો જન્મ 7 જુલાઈ 1981ના રોજ ભારતમાં વર્તમાન ઝારખંડના રાંચી ખાતે થયો હતો.

(3) શ્રી મહેન્દ્રસિંહ ધોનીને Mahi, Captain Cool, MSD, Thala વગેરે જેવા નીક નેઈમથી પણ ઓળખવામાં આવે છે.

(4) 9 જુલાઈ 2019ના રોજ ન્યુઝીલેન્ડ સામે રમેલી વન ડે મેચ શ્રી મહેન્દ્રસિંહ ધોનીની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ હતી.

## ➤ શ્રી મહેન્દ્ર સિંહ ધોની બાદ શ્રી સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત

15 ઓગસ્ટ 2020ના રોજ શ્રી મહેન્દ્ર સિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની થોડી ક્ષણો બાદ ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સુરેશ રૈનાએ પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.

- એક સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર શ્રી સુરેશ રૈના ભારતના પ્રથમ ક્રિકેટર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ

શ્રી સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ 30 જુલાઈ 2005ના રોજ શ્રીલંકા સામેની વન ડે મેચથી થયો હતો.

- તેમની આંતરરાષ્ટ્રીય ટી-20 કારકિર્દીનો પ્રારંભ 1 ડિસેમ્બર 2006ના રોજ સાઉથ આફ્રિકા સામેની એક ટી-20 મેચથી થયો હતો.
- જ્યારે તેમની આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ 26 જુલાઈ 2010ના રોજ શ્રીલંકા સામેની ટેસ્ટ મેચથી થયો હતો.

## શ્રી મહેન્દ્રસિંહ ધોનીની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ

| ક્રમ | વિશેષતા | તારીખ | કયા દેશ સામે ? |
|---|---|---|---|
| 1 | પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ | 30 જુલાઈ 2005 | શ્રીલંકા |
| 2 | પ્રથમ વન ડે મેચ | 30 જુલાઈ 2005 | શ્રીલંકા |
| 3 | પ્રથમ ટી-20 મેચ | 1 ડિસેમ્બર 2006 | સાઉથ આફ્રિકા |
| 4 | પ્રથમ ટેસ્ટ મેચ | 26 જુલાઈ 2010 | શ્રીલંકા |

## બેટ્સમેન તરીકે શ્રી સુરેશ રૈના

શ્રી સુરેશ રૈનાએ 226 વન ડે મેચોમાં 5615 રન બનાવ્યા છે.

- જ્યારે ટેસ્ટ ક્રિકેટમાં તેમણે 18 મેચમાં 768 અને ટી-20 ક્રિકેટમાં 78 મેચમાં 1605 રન બનાવ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી સુરેશ રૈનાએ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે પણ સેવા આપી છે.

(2) શ્રી સુરેશ રૈનાનો જન્મ 27 નવેમ્બર 1986ના રોજ ઉત્તરપ્રદેશના મુરાદનગર ખાતે થયો હતો.

(3) શ્રી સુરેશ રૈના Sonu અને Chinna Thalaના નીક નેઈમથી પણ પ્રસિદ્ધ છે.

(4) 17 જુલાઈ 2018ના રોજ ઓસ્ટ્રેલિયા સામે રમેલી વન ડે મેચ શ્રી સુરેશ રૈનાની અંતિમ આંતરાષ્ટ્રીય મેચ હતી.



## ICE ? Questions

1. 15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કયા ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે ?
   (A) શ્રી મહેન્દ્ર સિંહ ધોની (B) શ્રી રોહિત શર્મા
   (C) શ્રી સુરેશ રૈના (D) A અને C બંને **(D)**

2. 15 ઓગસ્ટ 2020ના રોજ શ્રી મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના કયા ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે ?
   1. ટેસ્ટ
   2. વન ડે
   3. ટી-20

   Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(C)**

3. શ્રી મહેન્દ્ર સિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ ક્યારે લીધી હતી ?
   (A) 2012 (B) 2014 (C) 2016 (D) 2018 **(B)**

4. શ્રી મહેન્દ્ર સિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામેની વન ડે મેચથી થયો હતો ?
   (A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ (C) સાઉથ આફ્રિકા (D) ન્યુઝીલેન્ડ **(B)**

5. શ્રી મહેન્દ્ર સિંહ ધોનીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. ICCની એક સાથે ત્રણ ટ્રોફી જીતનાર શ્રી મહેન્દ્ર સિંહ ધોની ભારતના એકમાત્ર સુકાની છે.
   2. શ્રી મહેન્દ્ર સિંહ ધોનીએ વન ડે ક્રિકેટમાં 10,000થી વધુ રન બનાવ્યા છે.

   Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
   (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

6. શ્રી મહેન્દ્ર સિંહ ધોનીને નીચેનામાંથી કયો પુરસ્કાર એનાયત થયો ન હતો ?
   (A) રાજીવ ગાંધી ખેલ રત્ન (B) પદ્મ શ્રી
   (C) પદ્મ ભૂષણ (D) પદ્મ વિભૂષણ **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. શ્રી સુરેશ રૈનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કયા દેશ સામેની વન ડે મેચથી થયો હતો ?

(A) શ્રીલંકા (B) સાઉથ આફ્રિકા (C) બાંગ્લાદેશ (D) ન્યુઝીલેન્ડ **(A)**

9. એક સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર ભારતના પ્રથમ ક્રિકેટર કોણ છે ?

(A) શ્રી મહેન્દ્ર સિંહ ધોની (B) શ્રી વિરાટ કોહલી

(C) શ્રી સચિન તેંડુલકર (D) શ્રી સુરેશ રૈના **(D)**

10. શ્રી સુરેશ રૈનાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.... તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) દિલ્હી (B) બિહાર (C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**17 AUGUST, 2020 MONDAY**

## ➤ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું નિધન

ભારતના પ્રસિદ્ધ **શાસ્ત્રીય સંગીતકાર** અને **ગાયક** **પંડિત જસરાજનું** 17 ઓગસ્ટ 2020ના રોજ 90 વર્ષની વયે **અમેરિકા**ના **ન્યુજર્સી** ખાતે **હૃદયરોગ**ના હુમલાથી નિધન થયું છે.

- તેમનો જન્મ 28 જાન્યુઆરી 1930ના રોજ **ભારત**માં વર્તમાન **હરિયાણા**ના **હિસાર** જિલ્લાના **પિલિ મંદોરી** નામના ગામમાં થયો હતો.
- પંડિત જસરાજ **મેવાતી ઘરાના** સાથે સંકળાયેલા શાસ્ત્રીય સંગીતકાર હતા.
- પંડિત જસરાજ ભારતના **પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક** હોવા ઉપરાંત અનેક ગાયકો માટે **મહાન સંગીત ગુરુ** પણ હતા.
- ભારતીય શાસ્ત્રીય સંગીતને નવા આયામ સુધી પહોંચાડવામાં પંડિત જસરાજનું અનોખું યોગદાન હતું.
- પંડિત જસરાજે કારકિર્દીનો પ્રારંભ **તબલા વાદક** તરીકે કર્યો હતો. ત્યાર બાદ તેઓ **શાસ્ત્રીય ગાયક** તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- **'જસરંગી'** તરીકે ઓળખાતી **'જુગલબંદી'** નામની ગાયનની નવીશૈલી માટે તેઓ પ્રસિદ્ધ હતા.
- શાસ્ત્રીય સંગીતના પ્રદર્શન ઉપરાંત **'હવેલી સંગીત'** જેવી **અર્ધશાસ્ત્રીય સંગીત શૈલીઓ**ને લોકપ્રિય બનાવવામાં પણ પંડિત જસરાજનું મહત્ત્વનું યોગદાન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### એવોર્ડ

પંડિત જસરાજને એનાયત થયેલા મહત્ત્વના એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :

(1) પદ્મ શ્રી 1975
(2) સંગીત નાટક અકાદમી એવોર્ડ 1987
(3) પદ્મ ભૂષણ 1990
(4) પદ્મ વિભૂષણ 2000
(5) સ્વાતિ સંગીતા પુરસ્કારમ્ 2008
(6) સંગીત નાટક અકાદમી ફેલોશિપ 2010
(7) મારવાડ સંગીત રત્ન એવોર્ડ 2014
(8) સંગીત કલા રત્ન
(9) મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**નોંધ :** (1) પંડિત જસરાજને આ ઉપરાંત વર્ષ 2013માં ભારત રત્ન ભીમસેન જોશી કલાસિકલ મ્યુઝિક લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ પણ એનાયત થયો હતો.

(2) Internationl Astronomical Union દ્વારા મંગળ અને ગુરુ ગ્રહોની વચ્ચે શોધાયેલા એક ક્ષુદ્રગ્રહ (Asteroid) 300128ને પંડિત જસરાજનું નામ આપવામાં આવ્યું છે. આવી સિદ્ધિ મેળવનાર પંડિત જસરાજ ભારતના પ્રથમ સંગીતકાર છે.

(3) વર્ષ 2012માં પંડિત જસરાજે એન્ટાર્કટિકાના દક્ષિણ ધ્રુવ પર પ્રસ્તુતિ આપવાની અનોખી સિદ્ધિ મેળવી હતી.

(4) પંડિત જસરાજે ગુજરાતના સાણંદના ઠાકુર સાહેબ મહારાજ જયવંતસિંહ વાઘેલા સામે પણ સંગીતની ઘણી પ્રસ્તુતિઓ આપી હતી. અને તેમની પાસેથી સંગીતની ઘણી બધી બાબતો શીખી પણ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE ? Questions

1. 17 ઓગસ્ટ 2020ના રોજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું કયાં નિધન થયું છે ?

(A) ન્યુયોર્ક, અમેરિકા (B) વોશિંગ્ટન, અમેરિકા
(C) કેલિફોર્નિયા, અમેરિકા (D) ન્યુજર્સી, અમેરિકા **(D)**

2. 17 ઓગસ્ટ 2020ના રોજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું નિધન થયું છે....તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) હરિયાણા (B) હિમાચલપ્રદેશ (C) દિલ્હી (D) ઉત્તરાખંડ **(A)**

3. પંડિત જસરાજ કયા ઘરાના સાથે સંકળાયેલા શાસ્ત્રીય સંગીતકાર હતા ?

(A) ગ્વાલિયર (B) કિરાના (C) મેવાતી (D) પટિયાલા **(C)**

4. પંડિત જસરાજના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. તેમણે સંગીત ક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ તબલા વાદક તરીકે કર્યો હતો.
2. તેમના નામ પરથી એક ક્ષુદ્રગ્રહને નામ આપવામાં આવ્યું છે.
3. તેમણે એન્ટાર્કટિકાના દક્ષિણ ધ્રુવ પર પ્રસ્તુતિ આપવાની અનોખી સિદ્ધિ મેળવી છે.
4. ગુજરાતના સાણંદના ઠાકુર સાહેબ સમક્ષ પણ તેમણે સંગીતની પ્રસ્તુતિઓ આપી હતી.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(A)**

5. પંડિત જસરાજને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?

(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ
(C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

6. પંડિત જસરાજને નીચેનામાંથી કયો એવોર્ડ એનાયત થયો હતો ?

(A) સંગીત નાટક અકાદમી એવોર્ડ (B) મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર
(C) સંગીત નાટક અકાદમી ફેલોશિપ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18 AUGUST, 2020 TUESDAY**

## ➤ દિવંગત કોરોના વોરિયર્સના પરિવારજનો માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની મહત્ત્વની જાહેરાત

ઓગસ્ટ 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **'મુખ્યમંત્રી સાથે મોકળા મને'** કાર્યક્રમ અંતર્ગત **ગુજરાતના સ્વર્ગસ્થ કોરોના વોરિયર્સના પરિવારજનો** સાથે સંવાદ કર્યો હતો.

- આ પ્રસંગે તેમણે ગુજરાતના સરકારી કર્મચારીઓના ફરજ દરમિયાન COVID-19થી મૃત્યુના કિસ્સામાં સહાય આપવા માટે કેટલીક અગત્યની જાહેરાતો કરી હતી :

  (1) ગુજરાતના દિવંગત કોરોના વોરિયર્સના સંતાનોને **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના** અંતર્ગત **સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ-ઈજનેરી શાખા**માં પ્રવેશ દરમિયાન **પર્સેન્ટાઈલ અને આવક મર્યાદા** ધ્યાનમાં લીધા સિવાય સહાય આપવામાં આવશે.

  (2) પોતાનું ઘરનું ઘર ન હોય તેવા સ્વર્ગસ્થ કોરોના વોરિયર્સના પરિવારને **સરકારી યોજનાના આવાસ**ની ફાળવણીમાં **અગ્રતા** આપવામાં આવશે. એટલે કે તેમને **ડ્રો વિના સીધા જ મકાન** ફાળવવામાં આવશે.

  (3) દિવંગત કોરોના વોરિયર્સના સીધા વારસદારો–પરિવારજનોને **મા અમૃતમ - મા વાત્સલ્યમ યોજના** અંતર્ગત **રૂ. 3 લાખ સુધી**ની આરોગ્ય સેવાનો લાભ આપવામાં આવશે.

**નોંધ :** ગુજરાતમાં કોરોનાને કારણે ફરજ દરમિયાન નિધન પામેલ દિવંગત સરકારી કર્મયોગીઓને/દિવંગત કોરોના વોરિયર્સને ગુજરાત સરકાર દ્વારા **મુખ્યમંત્રી રાહત નિધિ**માંથી **રૂ. 25 લાખ**ની સહાય આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ઈન્ડોનેશિયાના માઉન્ટ સિનાબંગ જવાળામુખીમાં વિસ્ફોટ

ઓગસ્ટ 2020 દરમિયાન ઈન્ડોનેશિયાના માઉન્ટ સિનાબંગ નામના જવાળામુખીમાં ફરીથી વિસ્ફોટ થયો છે.

- માઉન્ટ સિનાબંગ એ ઈન્ડોનેશિયામાં સક્રિય 120 જવાળામુખીઓમાંનો એક જવાળામુખી છે.
- ઈન્ડોનેશિયાના સુમાત્રા દ્વીપ પર આ જવાળામુખી આવેલો છે.
- આ જવાળામુખી આશરે 400 વર્ષની નિષ્ક્રિયતા બાદ વર્ષ 2010માં ફરીથી સક્રિય થયો હતો.
- વર્ષ 2010 બાદ વર્ષ 2014 અને વર્ષ 2016માં પણ આ જવાળામુખીમાં વિસ્ફોટ થયો હતો.

**નોંધ :** (1) ઈન્ડોનેશિયાનો સમાવેશ 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખાતા 'Circum-Pacific Belt'માં થાય છે.
(2) વિશ્વના લગભગ 75 ટકા જેટલા જવાળામુખી આ બેલ્ટમાં આવેલા છે. અને વિશ્વની લગભગ 90 ટકા જેટલી ભૂકંપની ઘટનાઓ આ બેલ્ટમાં થાય છે.

## ➤ મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકની નિમણૂક

18 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકની નિમણૂક કરવામાં આવી છે.

- મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે શ્રી સત્યપાલ મલિકે શ્રી તથાગત રોયનું સ્થાન લીધું છે.

### શ્રી સત્યપાલ મલિક



શ્રી સત્યપાલ મલિક ઉત્તરપ્રદેશના ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા છે.

- તેમનો જન્મ 24 જુલાઈ 1946ના રોજ ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાના હિસાવાડા નામના ગામમાં થયો હતો.
- તેઓ ઉત્તરપ્રદેશમાંથી લોકસભા તથા રાજ્યસભાના પૂર્વ સાંસદ છે.
- મેઘાલયના રાજ્યપાલ તરીકે નિમણૂક અગાઉ શ્રી સત્યપાલ મલિક ગોવાના રાજ્યપાલ હતા.
- શ્રી સત્યપાલ મલિકે ગોવા ઉપરાંત જમ્મુ કાશ્મીર અને બિહારના રાજ્યપાલ તરીકે પણ સેવા આપેલી છે.
- શ્રી સત્યપાલ મલિક જ્યારે જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન જ વર્ષ 2019માં જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ 370ની જોગવાઈ હટાવવામાં આવી હતી.

**નોંધ :** ગોવાના રાજ્યપાલ શ્રી સત્યપાલ મલિકની મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે નિમણૂક બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગત સિંહ કોશિયારીને ગોવાના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

## રાજ્યપાલની નિમણૂક (Appointment of the Governor)

ભારતીય બંધારણના **અનુચ્છેદ 155** અનુસાર **ભારતના રાષ્ટ્રપતિ** દ્વારા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ 'રાષ્ટ્રપતિ' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે 'રાજ્યપાલ'.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના **અનુચ્છેદ 153**માં જોગવાઈ કરવામાં આવી છે કે **દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે.**
- પરંતુ **7મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956** દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે **કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.**

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના **અનુચ્છેદ 156**માં રાજ્યપાલ પદના **કાર્યકાળ** સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ **રાષ્ટ્રપતિની મરજી સુધી** પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું લેખિતમાં રાજીનામું **રાષ્ટ્રપતિ**ને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 157** અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ પદ પર બિરાજમાન થઈ શકે છે:

(a) તેઓ **ભારતના નાગરિક** હોવા જોઈએ.

(b) તેમની ઉંમર **35 વર્ષથી વધુ** હોવી જોઈએ.

(c) તેઓ સંસદ કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં.

(d) તેઓ કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 158**માં રાજ્યપાલને મળવા પાત્ર **વેતન અને અન્ય લાભો** વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

- રાજ્યપાલના વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન **3 લાખ 50 હજાર** રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.

**નોંધ :** રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે **'રાજભવન'** તરીકે ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યપાલના વિશેષાધિકારો

- પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન રાજ્યપાલ દ્વારા લેવામાં આવતા નિર્ણયો કે સત્તાના ઉપયોગ બદલ તે કોઈપણ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- જ્યારે રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમની ધરપકડ કે જેલ અંગેનો આદેશ આપવાની સત્તા કોઈ ન્યાયાલયને નથી.
- રાજ્યપાલને હોદ્દા પર હોય ત્યારે કાનૂની કાર્યવાહીથી છૂટ આપવામાં આવી છે. તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી કે પહેલાથી ચાલુ કાર્યવાહીને ચાલુ રાખી શકાશે નહીં.
- **અનુચ્છેદ–361(4)**માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુદ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે:
  (a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.
  (b) આ સૂચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.
  (c) સૂચનામાં સૂચના આપનાર વ્યક્તિનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

## રાજ્યપાલ વિશે મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| 2 | અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| 3 | અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| 4 | અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| 5 | અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| 6 | અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| 7 | અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ (રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા) |
| 8 | અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલના કાર્યોનું વિતરણ |
| 9 | અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| 10 | અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## ભારતના અન્ય રાજ્યોમાં રાજ્યપાલશ્રીનું પદ શોભાવનાર પ્રસિદ્ધ ગુજરાતી રાજ્યપાલ

| ક્રમ | નામ | કયા રાજ્યના રાજ્યપાલ | વિશેષતા |
|---|---|---|---|
| 1 | શ્રીમતી આનંદીબેન પટેલ | ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ | મધ્યપ્રદેશના બીજા મહિલા રાજ્યપાલ |
| 2 | શ્રી વજુભાઈ વાળા | કર્ણાટક | વર્તમાન સમયે કાર્યરત |
| 3 | શ્રીમતી કુમુદબહેન જોષી | આંધ્રપ્રદેશ | રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી મહિલા |
| 4 | જામનગરના મહારાજા શ્રી હિંમતસિંહજી | હિમાચલ પ્રદેશ | હિમાચલ પ્રદેશના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર |
| 5 | સર ચંદુલાલ માધવલાલ ત્રિવેદી (આઝાદી બાદ રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી) | ઓડિશા, પંજાબ અને આંધ્રપ્રદેશ | • ત્રણ રાજ્યોના રાજ્યપાલ તરીકે સેવા આપનાર ગુજરાતી<br>• પંજાબ અને આંધ્રપ્રદેશના પ્રથમ રાજ્યપાલ |
| 6 | ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમાર સિંહજી | મદ્રાસ સ્ટેટના રાજ્યપાલ | મદ્રાસના પ્રથમ ભારતીય ગવર્નર |
| 7 | શ્રી કનૈયાલાલ મુનશી | ઉત્તરપ્રદેશ | રાજ્યપાલ તરીકે સેવા આપનાર પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઓગસ્ટ 2020 દરમિયાન 'મુખ્યમંત્રી સાથે મોકળા મને' કાર્યક્રમ અંતર્ગત કોની સાથે સંવાદ કર્યો હતો ?
   (A) ગુજરાતની કોવિડ કેર હોસ્પિટલોના ડોકટરો
   (B) ગુજરાતમાં તાજેતરમાં જ સાજા થયેલા કોરોના પેશન્ટ
   (C) ગુજરાતના દિવંગત કોરોના વોરિયર્સના પરિવારજનો
   (D) ગુજરાતના કોરોના પેશન્ટના પરિવારજનો **(C)**

2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'મુખ્યમંત્રી સાથે મોકળા મને' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના દિવંગત કોરોના વોરિયર્સના પરિવારજનોને સહાય આપવા માટે કરેલી ત્રણ જાહેરાતમાં નીચેનામાંથી કઈ જાહેરાતનો સમાવેશ થતો નથી ?
   (A) મા અમૃતમ–મા વાત્સલ્યમ યોજના અંતર્ગત રૂ. 3 લાખ સુધીની આરોગ્ય સેવાનો લાભ
   (B) સરકારી યોજનાના આવાસની ફાળવણીમાં અગ્રતા
   (C) જમીન વિહોણા કોરોના વોરિયર્સના પરિવારજનોને ગ્રામીણ વિસ્તારમાં 1 એકર જમીન
   (D) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સેલ્ફ ફાઈનાન્સ મેડિકલ–એન્જિનિયરિંગ શાખામાં પ્રવેશ દરમિયાન તેમના સંતાનોને પર્સેન્ટાઈલ અને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય સહાય. **(C)**

3. ગુજરાતમાં દિવંગત કોરોના વોરિયર્સના પરિવારજનોને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ?
   (A) 20 લાખ (B) 25 લાખ (C) 40 લાખ (D) 50 લાખ **(B)**

4. ઓગસ્ટ 2020 દરમિયાન નીચેનામાંથી કયા જવાળામુખીમાં વિસ્ફોટ થયો હતો ?
   (A) માઉન્ટ અગુંગ (B) માઉન્ટ મેરાપી
   (C) માઉન્ટ તંબોરા (D) માઉન્ટ સિનાબંગ **(D)**

5. ઓગસ્ટ 2020 દરમિયાન કયા દેશમાં આવેલા માઉન્ટ સિનાબંગ નામના જવાળામુખીમાં વિસ્ફોટ થયો હતો ?
   (A) મલેશિયા (B) ઈન્ડોનેશિયા (C) થાઈલેન્ડ (D) ઈક્વાડોર **(B)**

6. મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી લાલજી ટંડન (B) શ્રી તથાગત રોય
   (C) શ્રી સત્યપાલ મલિક (D) શ્રી ભગત સિંહ કોશિયારી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. શ્રી સત્યપાલ મલિકની કોના સ્થાને મેઘાલયના નવા રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી તથાગત રોય (B) શ્રી ભગત સિંહ કોશિયારી

(C) શ્રી જગદીશ મુખી (D) શ્રી ફાગુ ચૌહાણ (A)

8. ઓગસ્ટ 2020 દરમિયાન શ્રી સત્યપાલ મલિકની ભારતના કયા રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?

(A) મણિપુર (B) આસામ (C) મેઘાલય (D) મિઝોરમ (C)

9. શ્રી સત્યપાલ મલિકના સ્થાને ગોવાના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો કોને સોંપવામાં આવ્યો છે ?

(A) શ્રી જગદીશ મુખી (B) શ્રી ફાગુ ચૌહાણ

(C) શ્રી બનવારીલાલ પુરોહિત (D) શ્રી ભગત સિંહ કોશિયારી (D)

10. ભારતમાં રાજ્યપાલને શપથ કોણ અપાવે છે ?

(A) રાષ્ટ્રપતિ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ

(C) ઉપરાષ્ટ્રપતિ (D) જે તે રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ (D)

11. જ્યારે રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ઉપસ્થિત ન હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 159 અનુસાર ભારતના રાજ્યપાલે કોની ઉપસ્થિતિમાં શપથ લેવાના હોય છે ?

(A) રાષ્ટ્રપતિ

(B) રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવેલ વ્યકિત

(C) હાઈકોર્ટના અન્ય કોઈપણ ન્યાયાધીશ

(D) હાઈકોર્ટના ઉપલબ્ધ ન્યાયાધીશોમાંથી સૌથી સિનિયર ન્યાયાધીશ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 19 AUGUST, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 19 ઓગસ્ટ, (1) વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day)
### (2) વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day)

#### વિશ્વ માનવતા દિવસ




સમગ્ર વિશ્વમાં માનવતાવાદી વિચારસરણીનો વ્યાપ વધારવા માટે તેમજ માનવતાવાદી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે <u>19 ઓગસ્ટ</u>ના રોજ <u>'વિશ્વ માનવતા દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ માનવતાવાદી કાર્યો કરનાર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ <u>2008</u>માં આ દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ <u>19 ઓગસ્ટ, 2009</u>થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની વિશ્વ માનવતા દિવસની થીમ <u>'Real - Life Heroes'</u> છે.

### ➤ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા ARIIA 2020 રેન્કિંગ જાહેર

18 ઓગસ્ટ 2020ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ <u>શ્રી એમ. વેંકૈયા નાયડુ</u>એ <u>નવી દિલ્હી</u> ખાતેથી <u>Atal Ranking of Institutions on Innovation Achievements (ARIIA) 2020</u>ની જાહેરાત કરી છે.

- ભારતમાં <u>ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ</u>માં <u>ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે</u> કેન્દ્ર સરકારના <u>માનવ સંસાધન વિકાસ મંત્રાલય</u> દ્વારા વર્ષ <u>2019</u>થી આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ <u>2020</u>માં આ રેન્કિંગમાં સૌપ્રથમ વખત <u>મહિલાઓ માટે</u> એક અલગ શ્રેણી શરૂ કરવામાં આવી છે.
- જેમાં <u>મહિલાઓ માટેની (સરકારી અને સરકારી ગ્રાન્ટેડ) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ</u>માં <u>તમિલનાડુ</u>ની <u>અવિનાશલિંગમ ઈન્સ્ટિટ્યૂટ ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વુમન</u> <u>પ્રથમ</u> ક્રમે છે.
- વર્ષ <u>2020</u>માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં કુલ <u>6 કેટેગરી</u>માં ભારતની વિવિધ શિક્ષણ સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહિલાઓ માટેની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ફક્ત સરકારી અને સરકારી ગ્રાન્ટેડ)

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | અવિનાશલિંગમ ઈન્સ્ટિટયૂટ ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વુમન | તમિલનાડુ |
| 2 | ઈન્દીરા ગાંધી દિલ્હી ટેક્નિકલ યુનિવર્સિટી ફોર વુમન | દિલ્હી |

## પ્રાઈવેટ અથવા તો સેલ્ફ ફાઈનાન્સ કોલેજ/સંસ્થા

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | એસ. આર. એન્જિનિયરિંગ કોલેજ | તેલંગાણા |

## પ્રાઈવેટ અથવા તો સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | કલિંગા ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજી, ખોરધા | ઓડિશા |

## સરકારી અને સરકારી ગ્રાન્ટેડ યુનિવર્સિટી

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી | મહારાષ્ટ્ર |
| 4 | આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી | ગુજરાત |
| 5 | ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) | ગુજરાત |

## સરકારી અને સરકારી ગ્રાન્ટેડ કોલેજ/સંસ્થા

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | કોલેજ ઓફ એન્જિનિયરિંગ, પૂણે | મહારાષ્ટ્ર |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને સેન્ટ્રલી ફન્ડેડ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ

| Rank | શિક્ષણ સંસ્થાનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), મદ્રાસ | તમિલનાડુ |
| 2 | IIT, બોમ્બે | મહારાષ્ટ્ર |
| 3 | IIT, દિલ્હી | દિલ્હી |

**નોંધ :** (1) આ રેન્કિંગમાં 'સરકારી અને સરકારી ગ્રાન્ટેડ યુનિવર્સિટી'ની કેટેગરીમાં ગુજરાતની આણંદ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી ચોથા ક્રમે છે.

(2) જ્યારે એ જ કેટેગરીમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) પાંચમા ક્રમે છે.

## ICE Questions

1. 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

2. 'વિશ્વ માનવતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

3. 18 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં કોના દ્વારા 'અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020' રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા છે ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' **(C)**

4. 'અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020'માં મહિલાઓ માટેની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની કેટેગરીમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) ઈન્દીરા ગાંધી દિલ્હી ટેક્નિકલ યુનિવર્સિટી ફોર વુમન
(B) જવાહરલાલ નહેરુ દિલ્હી ટેક્નિકલ યુનિવર્સિટી ફોર વુમન
(C) રાજીવ ગાંધી દિલ્હી ટેક્નિકલ યુનિવર્સિટી ફોર વુમન
(D) અવિનાશલિંગમ ઈન્સ્ટિટ્યૂટ ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વુમન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 'અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટયૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020'માં સરકારી અને સરકારી ગ્રાન્ટેડ યુનિવર્સિટીની કેટેગરીમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, મહારાષ્ટ્ર
(B) ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, મધ્યપ્રદેશ
(C) ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, કર્ણાટક
(D) ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, કેરળ
**(A)**

6. ARIIA 2020 રેન્કિંગની સરકારી અને સરકારી ગ્રાન્ટેડ યુનિવર્સિટીની કેટેગરીમાં ગુજરાતની કઈ સંસ્થા સમગ્ર દેશામાં ચોથા ક્રમે છે ?
(A) ગુજરાત યુનિવર્સિટી (B) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
(C) આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી (D) GTU
**(C)**

7. ARIIA 2020 રેન્કિંગની સરકારી અને સરકારી ગ્રાન્ટેડ યુનિવર્સિટીની કેટેગરીમાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) સમગ્ર દેશમાં કયા ક્રમે છે ?
(A) પ્રથમ (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા
**(D)**

8. 'અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટયૂશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020' માં 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને સેન્ટ્રલી ફન્ડેડ ટેક્નિકલ ઈન્સ્ટિટયૂટ'ની કેટેગરીમાં પ્રથમ ક્રમે કઈ સંસ્થા છે ?
(A) IIT, બોમ્બે (B) IIT, દિલ્હી (C) IIT, મદ્રાસ (D) IIT, પૂણે
**(C)**

9. 'ARIIA 2020' અંતર્ગત કુલ કેટલી કેટેગરીમાં ભારતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને રેન્ક આપવામાં આવ્યા છે ?
(A) 5 (B) 6 (C) 8 (D) 9
**(B)**

10. 'ARIIA 2020' અંતર્ગત કોના માટે એક નવી કેટેગરીમાં રેન્ક પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે ?
(A) દિવ્યાંગો (B) ભારતના ગ્રામીણ વિસ્તારો
(C) મહિલાઓ (D) ભારતના આદિજાતિ વિસ્તારો
**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 20 AUGUST, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : 20 ઓગસ્ટ,**
**(1) સદ્‌ભાવના દિવસ (શ્રી રાજીવ ગાંધી જન્મદિન)**
**(2) ભારતીય અક્ષય ઊર્જા દિવસ (Indian Akshay Urja Day)**
**(3) વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day)**

### વિશ્વ મચ્છર દિવસ

મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **20 ઓગસ્ટ**ના રોજ **'વિશ્વ મચ્છર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **બ્રિટન**ના **રોનાલ્ડ રોસ** નામના એક ડોકટરે ભારતમાં **કોલકાતા**ની પ્રેસિડેન્સી જનરલ હોસ્પિટલમાં કામ કરતી વખતે **20 ઓગસ્ટ 1897**ના રોજ **મેલેરિયાનું** કારણ **એનાફિલિસ મચ્છર** હોવાનું શોધી કાઢ્યું હતું.
- આથી, આ દિવસની યાદમાં સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટે 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે ઉજવાય છે.

### મચ્છરોથી થતી બીમારીઓ

| બીમારી | કયું મચ્છર કરડવાથી ? |
|---|---|
| મેલેરિયા | માદા એનાફિલિસ |
| ઈન્સેફેલાઈટિસ | ક્યુલેક્સ |
| ડેન્ગ્યુ | એડિસ |
| ચિકનગુનિયા | એડિસ |
| યલો ફિવર | એડિસ |
| ફાઈલેરિયા | એડિસ અને ક્યુલેક્સ |

**નોંધ :** ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભારતને **'મેલેરિયા મુક્ત'** બનાવવાની યોજના હાથ ધરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં હવે સિંગાપોર અને દુબઈ જેવી 70થી વધુ માળની ગગનચૂંબી ઈમારતો બનશે

19 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના શહેરોને આધુનિક ઓપ આપી વિશ્વકક્ષાના શહેરોની સમકક્ષ બનાવવા માટે **એક મહત્ત્વનો નિર્ણય** કર્યો છે.

- આ નિર્ણય અનુસાર ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **પાંચ મહાનગરો**માં સિંગાપોર અને દુબઈની જેમ ગગનચૂંબી ઈમારતોના બાંધકામની પરવાનગી આપી દીધી છે.
- ગુજરાતના આ પાંચ મહાનગરોમાં –

  (1) **અમદાવાદ**

  (2) **વડોદરા**

  (3) **રાજકોટ**

  (4) **સુરત અને**

  (5) **ગાંધીનગરનો**

  સમાવેશ થાય છે.
- હાલના નિયમો અનુસાર ગુજરાતમાં હાલ વધુમાં વધુ **22-23 માળ**ના ઊંચા મકાનો બનાવી શકાય છે.
- તેને સ્થાને ગુજરાતમાં હવે **70થી વધુ માળ**ની ઈમારતોના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કયા માર્ગ પર આ ઈમારતોનું નિર્માણ થઈ શકશે ?

ગુજરાતના ઉપરોક્ત **પાંચ શહેરો**ના **30 મીટર કે તેથી વધુ પહોળાઈ**ના રસ્તા પર આવી ઈમારતોનું નિર્માણ થઈ શકશે.

### આ અંગેના નિયમો

ગુજરાતમાં આવી ઊંચી ઈમારતો બનાવવા માટેના નિયમો બનાવીને ગુજરાતમાં હાલ અમલી **CGDCR-2017**માં સામેલ કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત કેટલીક મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) ઊંચી ઈમારતની આ જોગવાઈ **100 મીટરથી વધુ ઊંચાઈ**ના બિલ્ડિંગ્સને લાગુ પડશે.

(2) આવી બિલ્ડિંગનો આસ્પેક્ટ રેશિયો (લઘુત્તમ પહોળાઈ : ઊંચાઈ) **1 : 9 કે તેથી વધુ** હોવો જોઈએ.

(3) આ જોગવાઈ D1 કેટેગરીના સત્તામંડળો AUDA, SUDA, VUDA, RUDA અને GUDAના એવા વિસ્તારમાં લાગુ થશે કે જ્યાં હાલ CGDCR મુજબ બેઈઝ **FSI 1.2 કે તેથી વધારે** મળવાપાત્ર હોય.

(4) આ પ્રકારના બિલ્ડિંગની ચકાસણી માટે **સ્પેશિયલ ટેક્નિકલ કમિટી**ની રચના કરવામાં આવશે.

(5) **100થી 150 મીટર** ઊંચી બિલ્ડિંગ માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ **2500 ચોરસ મીટર** રહેશે.

(6) જ્યારે **150 મીટરથી વધુ** ઊંચાઈની બિલ્ડિંગો માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ **3500 ચોરસ મીટર** રહેશે.

(7) આવી બિલ્ડિંગના નિર્માણ માટે મહત્તમ **FSI 5.4** મળશે. જેમાં જે તે ઝોનની **બેઈઝ FSI ફ્રી**માં મળશે. બાકીની FSIનો ચાર્જ **જંત્રીના 50 ટકા** રહેશે.

(8) આવી બિલ્ડિંગના પાર્કિંગમાં **ઈલેક્ટ્રીક ચાર્જિંગ**ની ફેસિલિટી ફરજિયાત રાખવાની રહેશે.

(9) આવી બિલ્ડિંગનો **વિન્ડ ટનલ ટેસ્ટ** પણ ફરજિયાત રહેશે.

(10) આ ઉપરાંત તેનો **ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન** પણ તૈયાર કરવાનો રહેશે.

(11) આવી બિલ્ડિંગોનો ઉપયોગ **રહેણાંક/વાણિજ્ય/રીક્રિએશન** તરીકે અથવા તો આ ત્રણેયનો ગમે તે મુજબ **મિક્સ યુઝ** કરી શકાશે.

**નોંધ :** (1) ગુજરાત સરકારના આ નિર્ણયથી ગુજરાતના મોટા શહેરોમાં મકાનો સસ્તા થશે. તેને પરિણામે સામાન્ય માનવીને પરવડે તેવા એફોર્ડેબલ મકાનો મળી શકશે. આ ઉપરાંત ગુજરાતમાં બાંધકામ ક્ષેત્રે રોજગારીની નવી તકો પણ ઉપલબ્ધ થશે.

(2) **CGDCRનું પૂરું નામ Common General Development Control Regulations** છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) AUDA, SUDA, VUDA, RUDA અને GUDAનું પૂરું નામ –

- Ahmedabad Urban Development Authority
- Surat Urban Development Authority
- Vadodara Urban Development Authority
- Rajkot Urban Development Authority અને
- Gandhinagar Urban Development Authority છે.

(4) FSIનું પૂરું નામ <u>Floor Space Index</u> છે. તેને <u>Floor Area Ratio (FAR)</u> તરીકે પણ ઓળખવામાં આવે છે. SFI જમીનના પ્લોટ પર નિર્માણ કરી શકાય તેવા મહત્તમ વિસ્તારને દર્શાવે છે. ઉદાહરણ તરીકે, કોઈ પ્લોટનો વિસ્તાર 200 ચોરસ મીટર છે અને એ વિસ્તારમાં FSI 2 મળતી હોય તો એ પ્લોટ પર 200 × 2 = 400 ચોરસ મીટરનું બાંધકામ કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. ભારતમાં 'સદ્‌ભાવના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ — **(C)**

2. ભારતમાં કોનો જન્મ દિન 'સદ્‌ભાવના દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) શ્રીમતી ઈન્દીરા ગાંધી (B) શ્રી રાજીવ ગાંધી
   (C) શ્રી અટલ બિહારી વાજપેઈ (D) શ્રી રવિન્દ્રનાથ ટાગોર — **(B)**

3. 'ભારતીય અક્ષય ઊર્જા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ — **(C)**

4. 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ (C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ — **(C)**

5. 19 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કેટલા માળથી ઊંચી બિલ્ડિંગોના બાંધકામની પરવાનગી આપી દીધી છે ?
   (A) 40 (B) 50 (C) 60 (D) 70 — **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

6. ગુજરાતના કેટલા શહેરોમાં 70 માળથી ઊંચી બિલ્ડિંગના બાંધકામની પરવાનગી આપવામાં આવી છે ?

(A) 4 (B) 5 (C) 6 (D) તમામ શહેરોમાં **(B)**

7. ગુજરાતના કયા પાંચ શહેરોમાં 70 માળથી ઊંચી ઈમારતના બાંધકામની પરવાનગી આપવામાં આવી છે ?

(A) અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગાંધીનગર

(B) અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર

(C) અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, ગાંધીનગર

(D) અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર **(D)**

8. ગુજરાતના પાંચ મહાનગરોના કેટલા મીટર કે તેથી વધુ પહોળા માર્ગો પર 70 માળ કે તેથી ઊંચી ઈમારતના બાંધકામની પરવાનગી આપવામાં આવી છે ?

(A) 15 મીટર (B) 20 મીટર (C) 25 મીટર (D) 30 મીટર **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ગુજરાતમાં 70થી વધુ માળની ઈમારતના નિર્માણ માટેના નિયમોના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આવી ઈમારતની ચકાસણી માટે સ્પેશિયલ ટેક્નિકલ કમિટીની રચના કરવામાં આવશે.
2. આવી બિલ્ડિંગના પાર્કિંગમાં ઈલેક્ટ્રીક ચાર્જિંગની ફેસિલિટી ફરજિયાત રાખવાની રહેશે.
3. આવી બિલ્ડિંગનો વિન્ડ ટનલ ટેસ્ટ ફરજિયાત રહેશે.
4. આવી બિલિડંગની ટેરેસ પર પતંગ ચગાવવાની પરમીશન મળશે નહિ.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3 (D) 2, 3 **(B)**

## 21 AUGUST, 2020 FRIDAY

### ➢ દિવસ મહિમા : 21 ઓગસ્ટ, વિશ્વ સિનિયર સિટીઝન દિવસ (World Senior Citizen's Day)

### ➢ સ્વચ્છ સર્વેક્ષણ 2020માં ભારતના પ્રથમ 10 શહેરોમાં ગુજરાતના 4 શહેરોનો સમાવેશ

ભારત સરકારના **આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય** દ્વારા તાજેતરમાં ભારતમાં 4 જાન્યુઆરી, 2020થી 31 જાન્યુઆરી, 2020 દરમિયાન ભારતના પાંચમા 'સ્વચ્છ સર્વેક્ષણ'નું આયોજન થયું હતું.

- આ સર્વેક્ષણમાં ભારતના 4242 શહેરોએ ભાગ લીધો હતો.
- જે **'વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે'** હતો.
- ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણનો પ્રારંભ 2016થી થયો હતો.
- જેમાં વર્ષ 2016માં ભારતના 73 શહેરોએ ભાગ લીધો હતો.

**ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લેનાર શહેરોની સંખ્યા**

| ક્રમ | વર્ષ | ભાગ લેનાર શહેરોની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 73 |
| 2 | 2017 | 434 |
| 3 | 2018 | 4203 |
| 4 | 2019 | 4237 |
| 5 | 2020 | 4242 |

**નોંધ :** (1) સ્વચ્છતા સર્વેક્ષણ 2020માં ભારતના તમામ રાજ્યોમાંથી **પશ્ચિમ બંગાળે** ભાગ લીધો ન હતો.

(2) સ્વચ્છ સર્વેક્ષણ 2020માં **સ્વચ્છતાના ઈન્સ્ટિટ્યુશનલાઈઝેશન** પર મુખ્ય ફોકસ કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એવોર્ડ માટેના માપદંડ

સ્વચ્છતા સર્વેક્ષણ 2020 '<u>IPSOS</u>' નામની સ્વતંત્ર એજન્સી દ્વારા કરાવવામાં આવ્યો હતો.

- જેમાં એવોર્ડ માટે <u>ચાર માપદંડો</u> ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.
- આ ચાર માપદંડોને આધારે કુલ <u>6000 માર્ક્સ</u>માંથી એવોર્ડ એનાયત થયા હતા.
- આ ચાર માપદંડો અને તેમને અપાયેલું વેઈટેજ આ પ્રમાણે છે.

### સ્વચ્છતા સર્વેક્ષણ માટેના ચાર માપદંડ

| ક્રમ | માપદંડ | વેઈટેજ | માર્ક્સ |
|---|---|---|---|
| 1 | સેવા સ્તરમાં થયેલી પ્રગતિ | 25% | 1500 |
| 2 | પ્રત્યક્ષ નિરીક્ષણ | 25% | 1500 |
| 3 | નાગરિકોના ફિડબેક | 25% | 1500 |
| 4 | કચરા મુક્ત શહેરો અને ખુલ્લામાં શૌચ મુક્ત શહેરો માટેના સર્ટિફિકેટ | 25% | 1500 |
| | | કુલ | 6000 |

**નોંધ :** આ અગાઉ <u>સ્વચ્છતા સર્વેક્ષણ 2019</u>માં ઉપરોક્ત ચાર <u>માપદંડો</u>ને આધારે કુલ <u>5000 માર્ક્સ</u>માંથી એવોર્ડ એનાયત થયા હતા.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## સ્વચ્છ સર્વેક્ષણ 2020 રેન્કિંગ

સ્વચ્છ સર્વેક્ષણ 2020માં ભારતના વિવિધ શહેરોને જુદી જુદી અનેક કેટેગરીમાં રેન્કિંગ આપવામાં આવ્યા છે.

- જેમાં 10 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં ટોપ 10માં ગુજરાતના ચાર શહેરોનો સમાવેશ થયો છે.
- જેમાં સુરત બીજા, અમદાવાદ પાંચમા, રાજકોટ છઠ્ઠા અને વડોદરા દસમા ક્રમે છે.

### 10 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 47 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | સુરત | ગુજરાત |
| 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |
| 4 | વિજયવાડા | આંધ્રપ્રદેશ |
| 5 | અમદાવાદ | ગુજરાત |
| 6 | રાજકોટ | ગુજરાત |
| 7 | ભોપાલ | મધ્યપ્રદેશ |
| 8 | ચંદીગઢ | ચંદીગઢ |
| 9 | વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ |
| 10 | વડોદરા | ગુજરાત |
| 47 | પટના | બિહાર |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ યાદીમાં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત ચોથી વખત પ્રથમ ક્રમે છે.
(2) જ્યારે બિહારનું પટના આ યાદીમાં અંતિમ 47મા ક્રમે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 1 થી 10 લાખ સુધીની વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | અંબિકાપુર | છત્તીસગઢ |
| 2 | મૈસુર | કર્ણાટક |
| 3 | નવી દિલ્હી | દિલ્હી |
| 8 | ગાંધીનગર | ગુજરાત |
| 28 | જામનગર | ગુજરાત |
| 42 | ભાવનગર | ગુજરાત |
| 69 | આણંદ | ગુજરાત |
| 73 | વાપી | ગુજરાત |
| 77 | ગોધરા | ગુજરાત |
| 98 | ગાંધીધામ | ગુજરાત |
| 100 | પોરબંદર | ગુજરાત |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | સુરત | ગુજરાત |
| 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |
| 7 | અમદાવાદ | ગુજરાત |
| 11 | રાજકોટ | ગુજરાત |
| 15 | ગાંધીનગર | ગુજરાત |
| 21 | વડોદરા | ગુજરાત |
| 45 | જામનગર | ગુજરાત |
| 64 | ભાવનગર | ગુજરાત |
| 97 | આણંદ | ગુજરાત |
| 100 | નાગ્દા | મધ્યપ્રદેશ |

## 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | કરાડ | મહારાષ્ટ્ર |
| 51 | તાલાલા (તાલાળા) | ગુજરાત |
| 63 | બગસરા | ગુજરાત |
| 98 | તરસાડી | ગુજરાત |
| 100 | ઉમરેડ | મહારાષ્ટ્ર |

**નોંધ :** (1) 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ શહેરોમાં ટોપ 10માં મહારાષ્ટ્રના 9 અને ટોપ 20માં મહારાષ્ટ્રના 17 શહેરોનો સમાવેશ થયો છે.

(2) ભારતના કેન્ટોનમેન્ટ બોર્ડના રેન્કિંગમાં પંજાબનું જાલન્ધર કેન્ટોનમેન્ટ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના સૌથી સ્વચ્છ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | છત્તીસગઢ |
| 2 | મહારાષ્ટ્ર |
| 3 | મધ્યપ્રદેશ |
| 4 | ઝારખંડ |
| 5 | ગુજરાત |
| 25 | મિઝોરમ |
| 26 | મેઘાલય |
| 27 | કેરળ |

**નોંધ :** (1) સ્વચ્છ સર્વેક્ષણ 2020માં ભારતના રાજ્યોમાં 2019 બાદ 2020માં પણ છત્તીસગઢ પ્રથમ ક્રમે છે. જ્યારે કેરળ અંતિમ 27મા ક્રમે છે.

(2) સ્વચ્છ સર્વેક્ષણ 2020માં ભારતના રાજ્યોમાં ગુજરાત પાંચમા ક્રમે છે.

(3) આ અગાઉ સ્વચ્છ સર્વેક્ષણ 2019માં પણ ગુજરાત પાંચમા ક્રમે જ હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સ્વચ્છ સર્વેક્ષણ 2020 એવોર્ડ

સ્વચ્છ સર્વેક્ષણ 2020માં કુલ 130 એવોર્ડ એનાયત થયા છે.

- તેમાંથી કેટલાક મહત્ત્વના એવોર્ડ વિજેતા શહેરોના નામ આ પ્રમાણે છે :

**1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ ત્રણ શહેરો**

| ક્રમ | એવોર્ડ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 2 | સુરત | ગુજરાત |
| 3 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર નં. 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |

**નોંધ :** સ્વચ્છ સર્વેક્ષણ 2020માં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત ચોથી વખત પ્રથમ ક્રમે છે.

**એવોર્ડ વિજેતા ગુજરાતના વિવિધ શહેરો**

| ક્રમ | એવોર્ડનું નામ | વિજેતા શહેર |
|---|---|---|
| 1 | 1 લાખથી વધુ વસતી ધરાવતું ભારતનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર | સુરત |
| 2 | 40 લાખથી વધુ વસતી ધરાવતું ભારતનું પ્રથમ નંબરનું સૌથી સ્વચ્છ મેગા સિટી | અમદાવાદ |
| 3 | 10 થી 40 લાખની વસતી ધરાવતું ભારતનું બેસ્ટ સેલ્ફ–સસ્ટેઈનેબલ બિગ સિટી | રાજકોટ |
| 4 | 'ઈનોવેશન અને બેસ્ટ પ્રેક્ટીસ'માં ભારતની બેસ્ટ રાજધાની | ગાંધીનગર |
| 5 | ભારતના વેસ્ટ ઝોનમાં 50,000થી 1 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં 'ઈનોવેશન અને બેસ્ટ પ્રેક્ટીસ'માં શ્રેષ્ઠ શહેર | પેટલાદ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અન્ય મહત્ત્વના કેટલાક એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | શહેર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | ભારતનું સૌથી સ્વચ્છ કેન્ટોનમેન્ટ | જાલન્ધર કેન્ટોનમેન્ટ | પંજાબ |
| 2 | એક લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં ભારતનું સૌથી સ્વચ્છ ગંગા ટાઉન | વારાણસી | ઉત્તરપ્રદેશ |
| 3 | ભારતના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોની રાજધાનીમાં સૌથી સ્વચ્છ રાજધાની | નવી દિલ્હી | દિલ્હી |
| 4 | બેસ્ટ સિટી ઈન મેકિસમમ સિટિઝન્સ પાર્ટિશિપેશન | શાહજહાંપુર | ઉત્તરપ્રદેશ |

## ભારતના સૌથી સ્વચ્છ શહેરો

| ક્રમ | એવોર્ડ | શહેર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | ભારતનું સૌથી સ્વચ્છ શહેર (1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | ભારતનું સૌથી સ્વચ્છ મેગા સિટી (40 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં) | અમદાવાદ | ગુજરાત |
| 3 | ભારતનું સૌથી સ્વચ્છ બિગ સિટી (10થી 40 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | વિજયવાડા | આંધ્રપ્રદેશ |
| 4 | ભારતનું સૌથી સ્વચ્છ મીડિયમ સિટી (3થી 10 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | મૈસુર | કર્ણાટક |
| 5 | ભારતનું સૌથી સ્વચ્છ સ્મોલ સિટી (1થી 3 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં) | અંબિકાપુર | છત્તીસગઢ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્વચ્છતા સર્વેક્ષણ 2020માં ગુજરાતના શહેરોનું Star Rating અને ODF સ્ટેટસ

| ક્રમ | શહેરનું નામ | Star Rating | ODF Status | Rank 2019 | Rank* 2020 |
|---|---|---|---|---|---|
| 1 | સુરત | ★★★★★ | ODF ++ | 14 | 02 |
| 2 | અમદાવાદ | ★★★ | ODF ++ | 06 | 07 |
| 3 | રાજકોટ | ★★★★★ | ODF ++ | 09 | 11 |
| 4 | ગાંધીનગર | ★★★ | ODF ++ | 22 | 15 |

(Rank* - 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં)

**નોંધ :** (1) 20 ઓગસ્ટ, 2020ના રોજ ભારતમાં નવી દિલ્હી ખાતે 'સ્વચ્છ મહોત્સવ' નામથી યોજાયેલા એક સમારોહમાં કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનો રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો સંભાળતા મંત્રી શ્રી હરદીપ સિંહ પુરીએ આ એવોર્ડની જાહેરાત કરી હતી.

(2) કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલી સ્વચ્છતા એપનું નામ 'Swachhta MoHUA' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

ICE ? Questions

1. 'વિશ્વ સિનિયર સિટીઝન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ (C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ **(C)**

2. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા ભારતમાં 'સ્વચ્છ સર્વેક્ષણ' અથવા તો 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન કરવામાં આવે છે ?
(A) નીતિ આયોગ (B) પર્યાવરણ અને પૃથ્વી વિજ્ઞાન
(C) ગ્રામીણ વિકાસ (D) આવાસ અને શહેરી બાબતો **(D)**

3. વર્ષ 2020માં ભારતમાં કેટલામા 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન થયું હતું ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા **(D)**

4. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતના કુલ કેટલા શહેરોએ ભાગ લીધો હતો ?
(A) 4203 (B) 4242 (C) 4342 (D) 4442 **(B)**

5. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતના કયા રાજ્યએ ભાગ લીધો ન હતો ?
(A) તમિલનાડુ (B) આસામ (C) પશ્ચિમ બંગાળ (D) મેઘાલય **(C)**

6. 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતના શહેરોમાં અથવા તો ભારતના 1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?
(A) રાજકોટ (B) વિજયવાડા (C) ઈન્દોર (D) મૈસુર **(C)**

7. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત કેટલા વર્ષથી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ **(C)**

8. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં એવોર્ડ આપવા માટે કુલ કેટલા માપદંડો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(B)**

9. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ભારતના 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં ટોપ 10માં ગુજરાતના કયા શહેરોનો સમાવેશ થયો છે ?
(A) સુરત અને અમદાવાદ
(B) સુરત, અમદાવાદ અને રાજકોટ
(C) સુરત, અમદાવાદ, રાજકોટ અને ગાંધીનગર
(D) સુરત, અમદાવાદ, રાજકોટ અને વડોદરા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 10. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ભારતના 1 લાખથી વધુ અથવા તો 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં સમગ્ર દેશમાં ગુજરાતનું કયું શહેર બીજા ક્રમે છે ?<br>(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) રાજકોટ | (C) |
| 11. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં 1 થી 10 લાખ સુધીની વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?<br>(A) ઈન્દોર (B) અંબિકાપુર (C) મૈસુર (D) વિજયવાડા | (B) |
| 12. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?<br>(A) અંબિકાપુર (B) કરાડ (C) મૈસુર (D) વિજયવાડા | (B) |
| 13. | 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતનું સૌથી સ્વચ્છ રાજ્ય કયું છે ?<br>(A) ઉત્તરાખંડ (B) મધ્યપ્રદેશ (C) છત્તીસગઢ (D) મહારાષ્ટ્ર | (C) |
| 14. | 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતના રાજ્યોમાં ગુજરાત કયા ક્રમે છે ?<br>(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) સાતમા | (C) |
| 15. | 'સ્વચ્છતા સર્વેક્ષણ 2020'માં ભારતના રાજ્યોમાં અંતિમ 27મા ક્રમે કયું રાજ્ય છે ?<br>(A) કેરળ (B) મેઘાલય (C) મિઝોરમ (D) તમિલનાડુ | (A) |
| 16. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં કુલ કેટલા એવોર્ડ એનાયત થયા છે ?<br>(A) 30 (B) 130 (C) 230 (D) 330 | (B) |
| 17. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં એવોર્ડ વિજેતા ભારતના સૌથી સ્વચ્છ પ્રથમ ત્રણ શહેરોનો સાચો ક્રમ કયો છે ?<br>(A) ઈન્દોર, સુરત, નવી દિલ્હી (B) ઈન્દોર, સુરત, ઉજ્જૈન<br>(C) ઈન્દોર, સુરત, અંબિકાપુર (D) ઈન્દોર, સુરત, નવી મુંબઈ | (D) |
| 18. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં 40 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં પ્રથમ ક્રમે ભારતનું સૌથી સ્વચ્છ કયું મેગા સિટી છે ?<br>(A) ઈન્દોર (B) અમદાવાદ (C) વિજયવાડા (D) ભોપાલ | (B) |
| 19. | 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં 10 થી 40 લાખની વસતી ધરાવતા ભારતના શહેરોમાં 'બેસ્ટ સેલ્ફ–સસ્ટેનેબલ બિગ સિટી'નો એવોર્ડ વિજેતા શહેર કયું છે ?<br>(A) અમદાવાદ (B) સુરત (C) રાજકોટ (D) ગાંધીનગર | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

20. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં 'ઈનોવેશન અને બેસ્ટ પ્રેક્ટીસ'માં ભારતની શ્રેષ્ઠ રાજધાની કઈ છે ?
(A) ગાંધીનગર (B) ભોપાલ (C) નવી દિલ્હી (D) જયપુર
**(A)**


21. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ભારતના 10 થી 40 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં ભારતનું સૌથી સ્વચ્છ બિગ સિટી કયું છે ?
(A) ઈન્દોર (B) અમદાવાદ (C) મૈસુર (D) વિજયવાડા
**(D)**

22. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ભારતના 3 થી 10 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં ભારતનું સૌથી સ્વચ્છ મીડિયમ સિટી કયું છે ?
(A) ઈન્દોર (B) અમદાવાદ (C) મૈસુર (D) વિજયવાડા
**(C)**

23. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ભારતના 1 થી 3 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં ભારતનું સૌથી સ્વચ્છ સ્મોલ સિટી કયું છે ?
(A) કરાડ (B) અંબિકાપુર (C) નાગ્દા (D) ઉજ્જૈન
**(B)**

24. 'સ્વચ્છ સર્વેક્ષણ 2020'માં ગુજરાતના કયા શહેરને 5 સ્ટાર રેટિંગ પ્રાપ્ત થયું છે ?
1. સુરત 2. અમદાવાદ 3. રાજકોટ 4. ગાંધીનગર
Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2 (C) 1, 3 (D) 1, 4
**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


Available at
amazon

**22 AUGUST, 2020 SATURDAY**

## ➤ ગુજરાતમાં સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો રદ

તાજેતરમાં ગુજરાતમાં COVID-19 મહામારીને કારણે સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ તરણેતરનો મેળો રદ કરવામાં આવ્યો હતો.

### તરણેતરનો મેળો

- ગુજરાતમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાન અથવા તો થાનગઢ પાસે આવેલા તરણેતરમાં દર વર્ષે સામાન્ય રીતે ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠના રોજ મેળો ભરાય છે.
- તરણેતરના આ મેળાનો સૌરાષ્ટ્રના સૌથી મહત્ત્વના ત્રણ મેળામાં સમાવેશ થાય છે.

### સૌરાષ્ટ્રના સૌથી પ્રસિદ્ધ ત્રણ મેળા

ગુજરાતમાં સૌરાષ્ટ્રના સૌથી વધુ પ્રસિદ્ધ અને સૌથી વધુ મહત્ત્વના ત્રણ મેળાઓમાં નીચેના મેળાઓનો સમાવેશ થાય છે :

**(1) ભવનાથનો શિવરાત્રીનો મેળો**

**(2) ઘેડ પ્રદેશમાં માધવપુરનો મેળો અને**

**(3) પાંચાળનો તરણેતરનો મેળો**

- આ ત્રણ મેળાઓમાંથી તરણેતરનો મેળો **'રંગનો મેળો'**, માધવપુરનો મેળો **'રૂપનો મેળો'** અને ભવનાથનો મેળો **'ભક્તિના મેળા'** તરીકે પ્રસિદ્ધ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### તરણેતરના મેળાની વિશેષતા

તરણેતરનો મેળો યૌવન, રંગ, રૂપ, મસ્તી, લોકગીત, દૂહા અને લોકનૃત્યનો મેળો છે. તરણેતરનાં મેળાની મુખ્ય ત્રણ વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) આ મેળાની રાવટીઓમાં વહેલી રાતથી માંડીને સવાર સુધી ચાલતી ભજનની લહેર.

(2) સામસામા બોલાતા દૂહા

(3) 200-200 ભાઈ–બહેનોના એક સાથે લેવાતા **હૂડા અને હાજા રાસ.**



આ ઉપરાંત આ મેળાની અન્ય વિશેષતાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- ગ્રામ્ય રમતોત્સવનું આયોજન.
- પશુ પ્રદર્શન અને હરિફાઈ
- આ મેળામાં અગાઉ શણગાર સજીને આવતા બળદગાડા, આગવા પોશાક તથા પહેરવેશમાં સજ્જ થઈને આવતા વિવિધ જ્ઞાતિના લોકો વગેરેનું વિશિષ્ટ આકર્ષણ હતું.
- આ મેળામાં અગાઉ સૌરાષ્ટ્રની ભાતીગળ લોકસંસ્કૃતિનો સમૂહ અહીં ભેગો થતો હતો. જેમાં ખાસ કરીને માલધારી સમાજ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ, રબારી સમાજ, તળપદા કોળી સમાજ, ચુવાળિયા ઠાકોર સમાજ ઉપરાંત ક્ષત્રિય સમાજમાંથી ગરાસીયા દરબારો, કાઠી દરબારો આવતા. આ ઉપરાંત અહીં અન્ય જ્ઞાતિના લોકો પણ આનંદ અને ઉલ્લાસથી આ મેળામાં સહભાગી થતા હતા.
- આ મેળામાં **તરણેતર**માં આવેલા **ત્રિનેત્રેશ્વર મહાદેવ**ના મંદિર પાસે ત્રણ કુંડમાં **ઋષિ પંચમી**ને દિવસે લોકો પોતાના મૃત્યુ પામેલા સ્વજનોના અસ્થિ પધરાવી, કુંડમાં નાહીને ગંગામાં નાહયાનું પુણ્ય માને છે.
- આ મેળામાં **ઋષિ પંચમી**ને દિવસે **પાળિયાદ**ના મહંત **શ્રી વિમાસણ બાપુ**ની યાદમાં **ત્રિનેત્રેશ્વર મંદિર** પર **પાળિયાદ**ની **બાવન ગજની ધજા** ચડે છે. તેનું પણ વિશેષ આકર્ષણ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## તરણેતર મંદિરનો ઈતિહાસ

તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર વિશે અનેક લોકવાયકાઓ છે. જેમ કે,

(1) અયોધ્યાના **સૂર્યવંશી રાજા** **શ્રી યુવનાશ્વ**ના પુત્ર **શ્રી માંધાતા**એ આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

(2) તરણેતરનો પ્રદેશ **પાંચાળ પ્રદેશ** તરીકે ઓળખાય છે. મહાભારત સમયે દ્રુપદ નગરી પાંચાળમાં હતી. મહાભારતની કથા અનુસાર મહારાજા દ્રુપદની પુત્રી **દ્રૌપદીનો સ્વયંવર** તરણેતરમાં યોજાયો હતો. અને અત્યારે આ સ્થળ ઉપર જે કુંડ આવેલો છે, તેમાં અર્જુન દ્વારા **મત્સ્યવેધ** થયો હતો. આમ, આ રીતે આ સ્થળ સાથે **દ્રૌપદીનાં વિવાહ**નો પ્રસંગ જોડાયેલો છે.

(3) અહીં ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. આ કુંડ **બ્રહ્મકુંડ**, **વિષ્ણુકુંડ** અને **શિવકુંડ** તરીકે ઓળખાય છે. આ કુંડમાં **પાંચ ઋષિઓ**એ ભેગા થઈને ગંગાજીના અવતરણ માટે આહવાન કરીને અહીં **ગંગાજીનું પ્રાગટ્ય** કર્યું હતું. આથી, ગંગાજીના અવતરણને નિમિત્ત બનાવી અહીં લોકો **ઋષિ પંચમી**ને દિવસે પોતાના મૃત્યુ પામેલા સ્વજનોની તૃપ્તિ માટે આ કુંડમાં સ્નાન કરે છે.

(4) આ મંદિરની શૈલી **ગુર્જર પ્રતિહાર** પ્રકારની હોવાથી સંશોધનકારોના મતે **દસમી સદી**માં **પ્રતિહાર રાજાઓ** દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હોવાનું માનવામાં આવે છે.

(5) તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર **ઓગસ્ટ, 1902**માં **લખતર**ના રાજવી **શ્રી કરણસિંહજી**એ તેમના પુત્રી **કરણબા**ના સ્મરણાર્થે કરાવ્યો હતો.

(6) આ મંદિરમાં **બે શિવલિંગ** સ્થાપિત છે. જાણકારોના મતે મોટું શિવલિંગ પ્રાચીન છે. અને તેની બાજુમાં આવેલા પ્રમાણમાં નાના શિવલિંગની પ્રતિષ્ઠા **શ્રી કરણસિંહજી**એ મંદિરના જીર્ણોદ્ધાર સમયે કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) તરણેતર ગામનું સાચું નામ **'ત્રિનેત્રેશ્વર'** હતું. તેનું અપભ્રંશ થતાં આ ગામ હાલ **તરણેતર** તરીકે ઓળખાય છે.

(2) ગુજરાતનું **તરણેતર** અથવા તો **થાનગઢ** **વાસુકી નાગની ભૂમિ** તરીકે પણ ઓળખાય છે.

## ➤ ભારતમાં એક જ Common Eligibility Testના આયોજન માટે 'National Recruitment Agency'ની રચનાને મંજૂરી

19 ઓગસ્ટ 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **'National Recruitment Agency-NRA' (રાષ્ટ્રીય ભરતી એજન્સી)**ની રચનાની મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં કેન્દ્ર સરકારની નોકરીઓ માટેની ભરતી પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન લાવવા માટે આ **'રાષ્ટ્રીય ભરતી એજન્સી'**ની રચના કરવામાં આવશે.

### National Recruitment Agency (NRA)

NRA એ એક **મલ્ટિ એજન્સી બોડી** છે.

- ભારતમાં **Group B અને Group C**ના **non-technical Post**ના ઉમેદવારોના સ્ક્રિનિંગ તથા તેમની પસંદગી માટે આ સંસ્થા દ્વારા એક **Common Eligibility Test (CET)**નું આયોજન કરવામાં આવશે.
- NRAમાં ભારતના રેલવે મંત્રાલય, નાણાં મંત્રાલય, SSC, RRB, IBPS વગેરેના પ્રતિનિધિઓ રહેશે.

### Common Eligibility Test (CET)

NRA દ્વારા **ભારતના તમામ જિલ્લાઓ**માં આ **'કોમન એલિજિબિલિટી ટેસ્ટ'**નું આયોજન કરવામાં આવશે.

- જેનાથી ઉમેદવારોને કેન્દ્ર સરકારની જુદી–જુદી નોકરીઓ માટે અલગ અલગ પ્રારંભિક પરીક્ષા આપવામાંથી મુક્તિ મળશે.
- આ ટેસ્ટ **હિન્દી અને અંગ્રેજી** ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોની **અનેક ભાષાઓ**માં ઉપલબ્ધ થશે.
- કોમન એલિજિબિલિટી ટેસ્ટ એ **પ્રથમ સ્તરની પ્રારંભિક પરીક્ષા** રહેશે.
- આ પરીક્ષાના માધ્યમથી ફક્ત એક જ ટેસ્ટ આપીને વિદ્યાર્થીઓ જુદી જુદી અનેક નોકરીઓ માટે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## CETનો સ્કોર ક્યાં સુધી માન્ય રહેશે ?

વિદ્યાર્થીઓએ CETમાં પ્રાપ્ત કરેલો સ્કોર પરિણામ જાહેર થયાની તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

- CETમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીની વય મર્યાદા નક્કી કરવામાં આવશે.
- પોતાની વય મર્યાદા સમાપ્ત થાય એ અગાઉ દરેક વિદ્યાર્થી ગમે તેટલી વખત આ પરીક્ષા આપી શકશે. એટલે કે તેમાં એટેમ્પ્ટની કોઈ જ મર્યાદા નહિ હોય.
- વિદ્યાર્થીએ આપેલી તમામ CETમાંથી તેણે મેળવેલા સૌથી વધુ માર્ક્સ ઉમેદવારનો વર્તમાન સ્કોર ગણાશે.

**નોંધ :** SC/ST/OBC તથા અન્ય કેટેગરીના ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં કેટલીક છૂટ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રારંભિક તબક્કામાં કઈ ભરતી માટે આ ટેસ્ટ યોજાશે ?

પ્રારંભિક તબક્કામાં કેન્દ્ર સરકારની નીચેની ત્રણ નોન–ટેક્નિકલ નોકરીઓ માટે CET લેવામાં આવશે :

(1) Staff Selection Commission (SSC)

(2) Railway Recruitment Boards (RRBs)

(3) Institute of Banking Personal Selection (IBPS)

આ માટે જુદા–જુદા ત્રણ તબક્કાના વિદ્યાર્થીઓ માટે અલગ–અલગ ત્રણ પ્રકારની કોમન એલિજિબિલિટી ટેસ્ટનું આયોજન કરવામાં આવશે. આ અંતર્ગત –

(1) ધોરણ 10 પાસ

(2) ધોરણ 12 પાસ

(3) ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ

માટે ત્રણ અલગ-અલગ પરીક્ષા લેવામાં આવશે.

**નોંધ :** (1) આ તમામ નોકરીઓ માટેનો અભ્યાસક્રમ એક સમાન અને સ્ટાન્ડર્ડ હશે.

(2) આથી, વિદ્યાર્થીઓએ જુદી જુદી નોકરીઓ માટે જુદો–જુદો અભ્યાસક્રમ તૈયાર કરવો પડશે નહિ.

(3) પ્રારંભિક તબક્કા બાદ આ પરીક્ષાના માર્ક્સનો ઉપયોગ કેન્દ્ર સરકારની અન્ય ભરતીઓ ઉપરાંત રાજ્ય સરકારની ભરતીઓ માટે તેમજ પ્રાઈવેટ સેકટરની નોકરીઓ માટે પણ કરી શકાશે.

(4) 'નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી' (NRA)ની રચના માટે કેન્દ્ર સરકાર ત્રણ વર્ષમાં રૂ. 1517.57 કરોડનો ખર્ચ કરશે.

(5) આ ઉપરાંત ભારતના 117 આકાંક્ષી જિલ્લાઓમાં પરીક્ષાનું સફળ આયોજન થઈ શકે તે માટે ત્યાં માળખાગત સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે.

## ➤ ગુજરાતમાં PUC સર્ટિફિકેટના રેટમાં રૂ. 10થી 40 સુધીનો વધારો

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતમાં PUC સર્ટિફિકેટના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં હવે ટુ-વ્હિલરનું PUC સર્ટિફિકેટ મેળવવા માટે રૂ. 20 ને બદલે રૂ. 30 ચૂકવવાના રહેશે.
- થ્રી વ્હિલર માટે રૂ. 25ને બદલે રૂ. 60 ચૂકવવાના રહેશે.
- ફોર વ્હિલર માટે રૂ. 50ને બદલે રૂ. 80 ચૂકવવાના રહેશે.
- જ્યારે મિડિયમ તથા હેવી વ્હિકલનું PUC સર્ટિફિકેટ મેળવવા માટે રૂ. 60ને બદલે રૂ. 100 ચૂકવવાના રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ગુજરાતમાં PUC સર્ટિફિકેટનો રેટ**

| ક્રમ | વ્હિકલ | જૂનો રેટ (રૂપિયામાં) | નવો રેટ (રૂપિયામાં) |
|---|---|---|---|
| 1 | ટુ વ્હિલર | 20 | 30 |
| 2 | થ્રી વ્હિલર | 25 | 60 |
| 3 | ફોર વ્હિલર | 50 | 80 |
| 4 | મીડિયમ હેવી વ્હિકલ | 60 | 100 |

**નોંધ :** (1) PUCનું પૂરું નામ Pollution Under Control છે.

(2) ભારતમાં નવા ખરીદાયેલા વ્હિકલ માટે PUC સર્ટિફિકેટની મુદત 1 વર્ષની હોય છે.

(3) જ્યારે જૂના વ્હિકલ માટે PUC સર્ટિફિકેટની મુદત 6 મહિના સુધીની હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. ગુજરાતના તરણેતર ખાતે દર વર્ષે સામાન્ય રીતે કયા દિવસે મેળો ભરાય છે ?
(A) ભાદરવા સુદ ત્રીજ, ચોથ, પાંચમ (B) ભાદરવા વદ ત્રીજ, ચોથ, પાંચમ
(C) ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠ (D) ભાદરવા વદ ચોથ, પાંચમ, છઠ **(C)**

2. ગુજરાતમાં તરણેતર ખાતે ભાદરવા સુદ ચોથ, પાંચમ, છઠના રોજ પ્રસિદ્ધ મેળો ભરાય છે....આ તરણેતર ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં
(B) મોરબી જિલ્લાના થાનગઢ તાલુકામાં
(C) સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં
(D) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં **(D)**

3. ગુજરાતનો કયો મેળો ભક્તિના મેળા તરીકે પ્રસિદ્ધ છે ?
(A) વૌઠાનો મેળો (B) તરણેતરનો મેળો
(C) ભવનાથનો મેળો (D) માધવપુરનો મેળો **(C)**

4. ગુજરાતનો કયો મેળો રાવટીઓમાં ગવાતા ભજન અને સામસામા બોલાતા દૂહા માટે પ્રસિદ્ધ છે ?
(A) ચિત્ર–વિચિત્રનો મેળો (B) ભવનાથનો મેળો
(C) તરણેતરનો મેળો (D) અંબાજીનો મેળો **(C)**

5. ગુજરાતમાં હાલ તરણેતર ખાતે જયાં મેળો ભરાય છે એ ગામનું નામ અપભ્રંશ થતાં તરણેતર થઈ ગયું છે.....તરણેતરનું સાચું નામ શું હતું ?
(A) ત્રિનેત્ર (B) તૈણેતર (C) ત્રિનેત્રેશ્વર (D) ત્રણનેતર **(C)**

6. ગુજરાતમાં તરણેતર ખાતે કયા મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે ?
(A) ત્રિનેત્ર મહાદેવ (B) ત્રિનેત્રેશ્વર મહાદેવ
(C) પંચનાથ મહાદેવ (D) ગોપનાથ મહાદેવ **(B)**

7. ગુજરાતમાં તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર પર દર વર્ષે ભાદરવા સુદ પાંચમના રોજ કયા ગામની બાવન ગજની ધજા ચડે છે ?
(A) તરણેતર (B) થાનગઢ (C) બગદાણા (D) પાળિયાદ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. તરણેતર અંગે પ્રચલિત લોકવાયકાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું/સાચાં છે ?
1. તરણેતરનો પ્રદેશ ઘેડના પ્રદેશ તરીકે ઓળખાય છે.
2. અહીં દ્રૌપદી સ્વયંવર થયો હતો.
3. અહીં દ્રૌપદીએ લાક્ષાગૃહમાં દુર્યોધનનું અપમાન કર્યું હતું.
4. અહીં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર પાસેના કુંડમાં પાંચ ઋષિઓએ ભેગા મળીને સરસ્વતી નદીનું પ્રાગટ્ય કર્યું હતું.
5. અહીં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર ફરતે ત્રણ કુંડ આવેલા છે. અને આ કુંડનું નામ બ્રહ્મકુંડ,વિષ્ણુકુંડ અને શિવકુંડ છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 2, 3, 4, 5 (C) 2, 4, 5 (D) 2, 5 **(D)**

9. સંશોધકોના મતે તરણેતર ખાતે આવેલા પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરની શૈલી કયા પ્રકારની છે ?
(A) મારુ ગુર્જર (B) ગુર્જર પ્રતિહાર (C) સોલંકી (D) ચોલ **(B)**

10. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર ક્યાંના રાજવીએ કરાવ્યો હતો ?
(A) થાનગઢ (B) ધ્રાંગધ્રા (C) જામનગર (D) લખતર **(D)**

11. તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર લખતરના કયા રાજવીએ કરાવ્યો હતો ?
(A) શ્રી બલવીરસિંહજી (B) શ્રી ઈન્દ્રસિંહજી
(C) શ્રી કરણસિંહજી (D) શ્રી પ્રતિપાલસિંહજી **(C)**

12. લખતરના રાજવી શ્રી કરણસિંહજીએ કોની સ્મૃતિમાં તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ?
(A) કરણબા (B) કિરણબા (C) નેહલબા (D) કિંજલબા **(A)**

13. લખતરના રાજવી શ્રી કરણસિંહજીએ કરણબાના સ્મરણાર્થે તરણેતરના વર્તમાન મંદિરનો જીર્ણોદ્ધાર કયારે કરાવ્યો હતો ?
(A) ઓગસ્ટ, 1902 (B) ઓગસ્ટ, 1912
(C) ઓગસ્ટ, 1904 (D) ઓગસ્ટ, 1914 **(A)**

14. તરણેતરના પ્રસિદ્ધ ત્રિનેત્રેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર સંશોધકોના મતે પ્રતિહાર રાજાઓ દ્વારા કયારે થયો હોવાનું માનવામાં આવે છે ?
(A) બારમી સદીમાં (B) દસમી સદીમાં (C) ચૌદમી સદીમાં (D) છઠ્ઠી સદીમાં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. ગુજરાતનો કયો પ્રદેશ 'વાસુકી નાગની ભૂમિ' તરીકે ઓળખાય છે ?
(A) જૂનાગઢ (B) દેવભૂમિ દ્વારકા (C) સોમનાથ (D) તરણેતર (D)

16. ગુજરાતનો કયો પ્રદેશ 'પાંચાળ પ્રદેશ' તરીકે ઓળખાય છે ?
(A) ભાલકાતીર્થ (B) બેટ દ્વારકા
(C) દેવભૂમિ દ્વારકા (D) તરણેતર (D)

17. ભારતમાં કેન્દ્ર સરકારની વિવિધ ભરતીઓ માટે ફક્ત એક જ કોમન એલિજિબિલિટી ટેસ્ટના આયોજન માટે કેન્દ્રીય કેબિનેટ દ્વારા કઈ એજન્સીની રચના કરવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) National Job Agency (B) National Employment Agency
(C) National Recruitment Agency (D) National Examination Agency (C)

18. 'નેશનલ રિક્રુટમેન્ટ એજન્સી' દ્વારા ભારતમાં વિવિધ ભરતીઓ માટે કઈ ટેસ્ટનું આયોજન કરવામાં આવશે ?
(A) Common Entrance Test (B) Common Entrance Exam
(C) Common Recruitment Test (D) Common Eligibility Test (D)

19. 'રાષ્ટ્રીય ભરતી એજન્સી' દ્વારા ભારતમાં લેવાનાર કોમન એલિજિબિલિટી ટેસ્ટ (CET)નો સ્કોર પરિણામ જાહેર થયાની તારીખથી કયાં સુધી માન્ય ગણાશે ?
(A) 1 વર્ષ સુધી (B) 2 વર્ષ સુધી (C) 3 વર્ષ સુધી (D) 4 વર્ષ સુધી (C)

20. 'રાષ્ટ્રીય ભરતી એજન્સી' દ્વારા ભારતમાં પ્રારંભિક તબક્કામાં નીચેનામાંથી કઈ પરીક્ષા માટે 'કોમન એલિજિબિલિટી ટેસ્ટ'નું આયોજન કરવામાં આવશે ?
(A) SSC (B) RRB (C) IBPS (D) ઉપરોક્ત ત્રણેય (D)

21. ગુજરાતમાં PUC સર્ટિફિકેટના નવા રેટના સંદર્ભમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?
(A) ટુ વ્હિલર રૂ. 30 (B) થ્રી વ્હિલર રૂ. 70
(C) ફોર વ્હિલર રૂ. 80 (D) મીડિયમ હેવી વ્હિકલ રૂ. 100 (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમના કાર્યકાળમાં 6 મહિનાનો વધારો

ગુજરાતના મુખ્ય સચિવ **શ્રી અનિલ મુકિમ**નો ગુજરાતના મુખ્ય સચિવ તરીકેનો કાર્યકાળ ઓગસ્ટ 2020ના અંતમાં સમાપ્ત થઈ રહયો હતો. જોકે, હવે **ગુજરાતના મુખ્ય સચિવ** તરીકેના તેમના કાર્યકાળમાં **6 મહિના**નો વધારો કરવામાં આવ્યો છે. આથી, તેઓ હવે **28 ફેબ્રુઆરી, 2021**ના રોજ સેવા નિવૃત્ત થશે.

### ➤ અમદાવાદના શ્રી રણવીર દેસાઈ બર્પી પૂલઅપ્સમાં વર્લ્ડ રેકોર્ડ સર્જનાર ભારતના પ્રથમ યુવક બન્યા

ગુજરાતના **અમદાવાદના શ્રી રણવીર દેસાઈ**એ 59 સેકન્ડમાં 25 **બર્પી પૂલઅપ્સ** કરીને **નવો વર્લ્ડ રેકોર્ડ** સર્જ્યો છે. તેમણે **જર્મની**ના એક યુવકના 24 બર્પી પૂલઅપ્સનો રેકોર્ડ તોડીને **ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ**માં સ્થાન મેળવ્યું છે. આ સાથે જ **શ્રી રણવીર દેસાઈ** બર્પી પૂલઅપ્સમાં વર્લ્ડ રેકોર્ડ સર્જનાર **ભારતના પ્રથમ યુવક** બની ગયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

### ➤ કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં 'ફિટ ઈન્ડિયા યૂથ કલબ' નામની રાષ્ટ્રવ્યાપી પહેલનો પ્રારંભ

15 ઓગસ્ટ 2020ના રોજ ભારતના કેન્દ્ર સરકારના **યુવા અને રમતગમત બાબતોનો સ્વતંત્ર હવાલો** સંભાળતા મંત્રી **શ્રી કિરણ રિજિજુ**એ ભારતમાં **'ફિટ ઈન્ડિયા યૂથ કલબ'** નામની એક રાષ્ટ્રવ્યાપી પહેલનો શુભારંભ કરાવ્યો છે. આ પહેલનો સમય **15 ઓગસ્ટ 2020થી લઈને 2 ઓક્ટોબર 2020** સુધીનો રહેશે. ભારતમાં **'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ'**ના ભાગરૂપે આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત ભારતમાં ફિટનેસ અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે.

## ➤ ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર અને ઉત્તરપ્રદેશના રમતગમત મંત્રી શ્રી ચેતન ચૌહાણનું નિધન

ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર અને **ઉત્તરપ્રદેશ**ના યુવા અને રમતગમત મંત્રી **શ્રી ચેતન ચૌહાણનું** 16 ઓગસ્ટ 2020ના રોજ **હરિયાણા**ના **ગુરુગ્રામ** ખાતે 73 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 21 જુલાઈ 1947ના રોજ **ઉત્તરપ્રદેશ**માં થયો હતો. તેમનું પૂરું નામ **શ્રી ચેતન પ્રતાપસિંહ ચૌહાણ** છે. તેમણે 25 સપ્ટેમ્બર 1969ના રોજ **ન્યુઝીલેન્ડ** સામેની એક **ટેસ્ટ મેચથી** આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેઓ **શ્રી સુનિલ ગાવાસ્કર** સાથે ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન હતા. 2016-17 દરમિયાન તેઓ **'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી' (NIFT)**ના ચેરમેન રહયા હતા. **ઉત્તરપ્રદેશ**ની **અમરોહા** લોકસભા બેઠક પરથી તેઓ 1991 અને 1998માં સાંસદ હતા. 2018થી 2020 દરમિયાન તેઓ **ઉત્તરપ્રદેશ**ના **યુવા અને રમતગમત મંત્રી** હતા. તેમને 1981માં **અર્જુન એવોર્ડ** એનાયત થયો હતો.

## ➤ ભારતમાં કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા 'સ્વાસ્થ્ય' નામનું એક પોર્ટલ લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના **આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડા**એ **'સ્વાસ્થ્ય'** નામનું એક પોર્ટલ લોન્ચ કર્યું છે. ભારતમાં આદિજાતિ લોકોનું આરોગ્ય જાળવવા માટે અને તેમને પૂરતું પોષણ મળી રહે તે માટે આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં આદિજાતિ લોકોના સ્વાસ્થ્ય અને પોષણ સંબંધિત તમામ માહિતી એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વિશ્વ

## ➤ શ્રી રાશિદ ખાન ટી 20 ક્રિકેટમાં સૌથી ઓછી મેચોમાં 300 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલર બન્યા

**અફઘાનિસ્તાન**ના જાદુઈ સ્પિનર **શ્રી રાશિદ ખાને** ટી 20 ક્રિકેટમાં સૌથી ઓછી 231 મેચોમાં 300 **વિકેટ** હાંસલ કરી છે. આ સાથે જ **શ્રી રાશિદ ખાન** ટી 20 ક્રિકેટમાં સૌથી ઓછી મેચોમાં 300 વિકેટ ઝડપનાર **વિશ્વના પ્રથમ બોલર** બની ગયા છે. આ ઉપરાંત શ્રી રાશિદ ખાને માત્ર 21 વર્ષ અને 335 દિવસની વયે જ 300 વિકેટ ઝડપવાની આ સિદ્ધિ મેળવી છે. આથી, તેઓ **સૌથી નાની વયે** 300 વિકેટ ઝડપનાર **વિશ્વના સૌથી યુવા બોલર** બની ગયા છે.

## ICE Questions

- ગુજરાતના વર્તમાન (22 ઓગસ્ટ 2020ની સ્થિતિએ) મુખ્ય સચિવ કોણ છે ?
  – શ્રી અનિલ મુકિમ
- ગુજરાતના વર્તમાન મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમના કાર્યકાળમાં કેટલા સમયનો વધારો કરવામાં આવ્યો છે ? – 6 મહિના
- બર્પી પૂલઅપ્સમાં વર્લ્ડ રેકોર્ડ સર્જનાર ભારતના પ્રથમ યુવકનું નામ શું છે ?
  – શ્રી રણવીર દેસાઈ
- ગુજરાતના અમદાવાદના શ્રી રણવીર દેસાઈએ કયા દેશના યુવકનો રેકોર્ડ તોડીને બર્પી પૂલઅપ્સમાં વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે ? – જર્મની
- ભારતમાં 15 ઓગસ્ટ 2020થી 2 ઓકટોબર 2020 દરમિયાન કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'ફિટ ઈન્ડિયા યૂથ કલબ' નામની એક પહેલ શરૂ કરવામાં આવી છે ?
  – યુવા અને રમતગમત મંત્રાલય
- તાજેતરમાં શ્રી ચેતન ચૌહાણનું નિધન થયું છે....તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
  – ક્રિકેટ
- ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી ચેતન ચૌહાણનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
  – ઉત્તરપ્રદેશ
- ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી ચેતન ચૌહાણ ભારતના કયા રાજ્યના રમતગમત મંત્રી હતા ?
  – ઉત્તરપ્રદેશ
- ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'સ્વાસ્થ્ય' નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – આદિજાતિ બાબતોનું મંત્રાલય
- ભારતમાં કેન્દ્ર સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા આદિજાતિ લોકોના આરોગ્યની જાળવણી માટે કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – સ્વાસ્થ્ય
- ટી-20 ક્રિકેટમાં સૌથી ઓછી મેચમાં 300 વિકેટ ઝડપનાર બોલર કોણ છે ?
  – શ્રી રાશિદ ખાન
- સૌથી નાની ઉંમરે 300 વિકેટ ઝડપનાર વિશ્વના સૌથી યુવા બોલર કોણ છે ?
  – શ્રી રાશિદ ખાન
- કયા દેશના જાદુઈ સ્પિનર શ્રી રાશિદ ખાને ટી-20 ક્રિકેટમાં સૌથી ઓછી 231 મેચમાં 300 વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી છે ? – અફઘાનિસ્તાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં જાહેરમાં માસ્ક ન પહેરવા પર કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે ? – રૂ. 1000

2. શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે...તેમની વન ડે અને ટી 20 ટીશર્ટનો નંબર શું હતો ? – 7

(શ્રી દિનેશ કાર્તિકે શ્રી મહેન્દ્રસિંહ ધોનીની વન–ડે અને ટી-20 જર્સીના નંબર-7ને રિટાયર્ડ કરવાનો અભિપ્રાય વ્યકત કર્યો છે....આથી આ નંબર હાલ ચર્ચામાં છે.)

3. ભારતમાં કોની અધ્યક્ષતામાં રચાયેલી એક સમિતિ અથવા તો ટાસ્ક ફોર્સ દ્વારા ભારતમાં છોકરીઓના લગ્નની ન્યૂનત્તમ ઉંમર અંગે વિચારણા કરવામાં આવશે ?

– સુશ્રી જયા જેટલી

(ભારતમાં કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા માતૃત્વની ઉંમર, માતૃ મૃત્યુ દર, મહિલાઓના પોષણ સ્તરમાં સુધારો વગેરે બાબતો સંબંધિત તપાસ માટે 2 જૂન, 2020ના રોજ આ સમિતિની રચના કરવામાં આવી હતી. 15 ઓગસ્ટ 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના સંબોધનમાં ભારતમાં છોકરીઓના લગ્નની ન્યૂનત્તમ ઉંમર અંગે ફરીથી વિચારણા કરવાની જાહેરાત કરી હતી. આથી, આ સમિતિ હાલ ચર્ચામાં છે.)

4. શ્રી મનિતોંબી સિંહ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ફૂટબોલ

(ભારતના પ્રસિદ્ધ ફૂટબોલર શ્રી મનિતોંબી સિંહનું તાજેતરમાં નિધન થયું છે. તેઓ ભારતના મણિપુરના રહેવાસી હતા. મોહન બાગાન ફૂટબોલ ટીમના પૂર્વ કેપ્ટન એવા શ્રી મનિતોંબી સિંહ વર્ષ 2002માં ભારતીય ફૂટબોલ ટીમના સભ્ય પણ રહયા હતા.)

5. 'વિશ્વ અંગદાન દિવસ' (World Organ Donation Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

– 13 ઓગસ્ટ

6. રાજ્યના જરૂરિયાત મંદ લોકોને આર્થિક સહાય આપવા ભારતના કયા રાજ્યમાં 'અરૂણોદય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

યોજના' નામથી એક નવી યોજના શરૂ કરવામાં આવશે ? – આસામ

(આ યોજના અંતર્ગત જીવન જરૂરીવસ્તુઓ ખરીદવા માટે આસામના લાભાર્થી પરિવારોને દર મહિને 830 રૂપિયા આપવામાં આવશે.)

7. ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે Indian Council of Agricultural Research (ICAR)ના ડેટા રિકવરી સેન્ટરનો શુભારંભ કરાવ્યો છે...આ સેન્ટરનું નામ શું છે ? – કૃષિ મેઘ

(ICARના 'કૃષિમેઘ'નામના આ ડેટા સેન્ટરની સ્થાપના હૈદરાબાદની 'નેશનલ એકેડમી ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ મેનેજમેન્ટ'માં કરવામાં આવી છે.)

8. ઓગસ્ટ 2020 દરમિયાન ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલા એક સમારોહમાં ભારતીય કોસ્ટ ગાર્ડનું 'સાર્થક' નામનું પેટ્રોલિંગ જહાજ લોન્ચ કરવામાં આવ્યું છે ? – ગોવા શિપયાર્ડ લિમિટેડ

9. ઓગસ્ટ 2020 દરમિયાન ગોવા શિપયાર્ડ લિમિટેડમાંથી લોન્ચ કરવામાં આવેલા ભારતીય કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ જહાજને શું નામ આપવામાં આવ્યું છે ? – સાર્થક

10. 16 ઓગસ્ટ 2020ના રોજ કયા દેશમાં આવેલી ડેથવેલીમાં ઓગસ્ટ મહિનાનું ધરતી ઉપરનું સૌથી વધુ 55 ડિગ્રી તાપમાન નોંધાયું હતું ? – અમેરિકા

(આ ધરતી પર 55 ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાયું હોય એવી આ સંભવતઃ ત્રીજી ઘટના છે. આ અગાઉ 1913માં ડેથ વેલીમાં સૌથી વધુ 56.67 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ત્યારબાદ 1931માં ટ્યુનિશિયામાં 55 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.)

11. ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રીએ રાજ્યની સરકારી નોકરીઓમાં ફકત તેમના રાજ્યના યુવકોને જ નિયુકત કરવાની જાહેરાત કરી છે ? – મધ્યપ્રદેશ

(મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે આ જાહેરાત કરી હતી.)

12. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં યોગના પ્રચાર–પ્રસાર માટે ગુજરાતમાં કેટલા યોગ ટ્રેનર્સ તૈયાર કરવાની જાહેરાત કરી છે ? – 1 લાખ

(તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતેથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમ પામેલા પાંચ હજાર જેટલા યોગ કોચ–યોગ ટ્રેનર્સને પ્રમાણપત્રોનું વિતરણ કરતા ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જાહેરાત કરી હતી.)

13. તાજેતરમાં શ્રી રામ મંદિરના ભૂમિ પૂજન નિમિત્તે ભારતના કયા રાજ્યના ટપાલ વિભાગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દ્વારા 'રામાયણ' વિષયક ખાસ ટપાલ ટિકિટ પર પિકટોરિઅલ કેન્સલેશન આલ્બમ લોન્ચ કરવામાં આવ્યો હતો ? – ગુજરાત

(ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી 'રામાયણ' વિષયક આ આલ્બમ લોન્ચ કર્યો હતો.)

14. સુપ્રીમ કોર્ટના કયા જજે બહુચર્ચિત સુશાંતસિંહ રાજપૂત અપમૃત્યુ કેસની તપાસ CBIને સોંપવાનો આદેશ આપ્યો છે ? – જસ્ટિસ ઋષિકેશ રોય

15. બહુચર્ચિત સુશાંતસિંહ રાજપૂત અપમૃત્યુ કેસની તપાસ માટે કોના નેતૃત્વમાં CBIની ચાર સભ્યોની એક ટીમની રચના કરવામાં આવી છે ?

– શ્રી મનોજ શશિધર (ગુજરાત કેડરના IPS અધિકારી)

(CBIની આ ટીમના અન્ય સભ્યોમાં શ્રી અનિલ કુમાર યાદવ, સુશ્રી ગગનદીપ ગંભીર અને સુશ્રી નૂપુર પ્રસાદનો સમાવેશ થાય છે.)

16. 20 ઓગસ્ટ 2020ના રોજ ગુજરાતના કયા શહેરમાં આવેલા પ્રાણી સંગ્રહાલયમાં અનન્યા નામની એક વાઘણનું મોત થયું છે ? – અમદાવાદ

(અમદાવાદના કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં 19 વર્ષની અનન્યા નામની એક વાઘણનું ઉંમરના કારણે અવસાન થયું છે. સામાન્ય રીતે વાઘ તથા સિંહનું સરેરાશ આયુષ્ય 15 વર્ષનું હોય છે.)

17. ગુજરાત સરકારે ગુજરાતમાં કયા હેતુ માટે કલેકટરની મંજૂરી વિના જ જમીન ખરીદવાની પરવાનગી આપી દીધી છે ? – શૈક્ષણિક હેતુ માટે

18. ગુજરાતમાં કયા હેતુ માટે ખરીદાયેલી જમીન અન્ય હેતુ માટે વેચવાની પરવાનગી આપવામાં આવી છે ? – ઔદ્યોગિક હેતુ

(ગુજરાતમાં બોનાફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પરપઝ માટે જમીન ખરીદવામાં આવી હોય પણ ઔદ્યોગિક હેતુનો ઉપયોગ શકય ન હોય તો આવી જમીન હવે અન્ય હેતુ માટે 25થી 100 ટકા જંત્રી કિંમત સરકારને ચૂકવીને અન્ય વ્યકિતને વેચી શકાશે.)

19. તાજેતરમાં શ્રી કેમરુન વ્હાઈટે પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે... તેઓ કયા દેશના ક્રિકેટર છે ? – ઓસ્ટ્રેલિયા

20. શ્રી નીલ મેકેન્ઝીએ કયા દેશના બેટિંગ કોચ પદેથી રાજીનામું આપી દીધું છે ? – બાંગ્લાદેશ

21. ભારતના કયા શહેરમાં આવેલી 'ડિફેન્સ ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ ટેક્નોલોજી'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(DIAT)એ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2020માં પ્રથમ પુરસ્કાર જીત્યો છે ?

– પૂણે, મહારાષ્ટ્ર

22. પોતાના રાજ્યની સ્કૂલોમાં જી સૂટ એજ્યુકેશન, ગૂગલ ક્લાસરૂમ, ગૂગલ મીટ જેવી ડિજિટલ વ્યાવસ્થા શરૂ કરવા માટે ભારતના કયા રાજ્યની સરકારે ગૂગલ સાથે કરાર કર્યા છે ?

– મહારાષ્ટ્ર

23. પાકિસ્તાન સાથેના 1971ના યુદ્ધમાં શહીદ થયેલા ભારતીય જવાનોની સ્મૃતિ માટે કયા દેશે એક સ્મારક બનાવવાનો નિર્ણય કર્યો છે ? – બાંગ્લાદેશ

(1971ના ભારત પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાનમાંથી અલગ થઈને એક સ્વતંત્ર દેશ તરીક બાંગ્લાદેશની રચના થઈ હતી.)

24. ભારતમાં કયા સંગઠન દ્વારા 'ચીન ભારત છોડો' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ?

– CAIT (કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ)

25. હિંદ મહાસાગરમાં ફસાયેલા એક જાપાની જહાજમાંથી ઓઈલ લીક થવાને કારણે કયા દેશે પર્યાવરણીય કટોકટીની જાહેરાત કરી છે ? – મોરેશિયસ

(જાપાની માલિકીના આ જહાજનું નામ 'એમ. કે. વાકાશિયો' છે. જોકે, તેનું રજીસ્ટ્રેશન પનામામાં થયેલું છે. આ જહાજ ચીનથી બ્રાઝિલ તરફ જઈ રહયું હતું ત્યારે રસ્તામાં એક ખડક સાથે અથડાઈ જતાં તેમાંથી ઓઈલ લીકેજ શરૂ થયું હતું.)

26. તાજેતરમાં ભારતના કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતમાં 7થી 14 ઓગસ્ટ 2020 દરમિયાન કયા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી ? – આત્મનિર્ભરતા સપ્તાહ

27. 7 થી 14 ઓગસ્ટ 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'આત્મનિર્ભરતા સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી ? – સંરક્ષણ મંત્રાલય

(સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે આ સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે 'મેક ઈન ઈન્ડિયા કે લિયે અવસર' નામથી એક પોર્ટલ પણ લોન્ચ કર્યું હતું.)

28. ભારતમાં કોના દ્વારા 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન' નામના એક ઓનલાઈન ડેશબોર્ડનો શુભારંભ કરાવવામાં આવ્યો છે ? – સુશ્રી નિર્મલા સિતારામન

(આ ડેશબોર્ડની મદદથી ભારતમાં માળખાગત સુવિધાઓ અંગેની યોજનાઓની તમામ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

માહિતી ઉપલબ્ધ થશે. ભારતમાં 'ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ ગ્રિડ' દ્વારા આ ડેશબોર્ડનું સંચાલન કરવામાં આવશે.)

29. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની યોજનાઓ અંગે માહિતી મળી રહે તે માટે ભારતના નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામને ભારતમાં કયા ઓનલાઈન ડેશબોર્ડનું ઉદઘાટન કર્યું છે ?

– નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેશબોર્ડ

30. 9 ઓગસ્ટ 2020ને 'વિશ્વ આદિવાસી દિવસ'ના રોજ ભારતના કયા રાજ્યમાં આદિવાસીઓ માટે 'ઈન્દીરા વન મિતાન યોજના' શરૂ કરવામાં આવી છે ?

– છત્તીસગઢ

(છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી ભૂપેશ બઘેલે આ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓને આત્મનિર્ભર બનાવવાનો છે.)

31. ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં NIIO નામના એક ત્રિસ્તરીય સંગઠનનો પ્રારંભ કરાવ્યો છે...NIIOનું પૂરું નામ શું છે ?

– Naval Innovation and Indigenisation Organisation (નૌસેના ઈનોવેશન અને સ્વદેશીકરણ સંગઠન)

32. તાજેતરમાં ભારતે માલદીવ માટે કેટલા ડૉલરના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ?

– 500 મિલિયન ડોલર

33. ભારતમાં કેન્દ્ર સરકારના રમતગમત મંત્રાલય દ્વારા ભારતમાં 15 ઓગસ્ટથી 2 ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં રાષ્ટ્રવ્યાપી કઈ દોડનું આયોજન કરવામાં આવ્યું છે ?

– ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન

34. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'SRIJAN' (સૃજન) નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?

– સંરક્ષણ મંત્રાલય

(ભારતમાં સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે આ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આ પોર્ટલમાં ભારતમાં આયાત થતી સંરક્ષણ પ્રોડક્ટ વિશે માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.)

35. ઈસરો અને ભારતની કઈ સંસ્થાના સંશોધકોએ ચંદ્રની ધરતી પર ઈંટ બનાવી શકાય એવી પ્રક્રિયા વિકસાવી છે ?

– ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc) બેંગાલુરુ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT